Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.17 - Issue 02
February 2024
Price 15/-

બોરસદના નવનિર્મિતભવનના ઉદ્ઘાટનમાં બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. ભગવતીબેન, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. અમરબેન, MLA ભ્રાતા સુરેશભાઈ વાઘાણી, પૂર્વ MLA ભ્રાતા કેશુભાઈ નાકરાણી.

સુરત સીટી ખાતે લંડનના બ્ર.કુ. ગોપીબેનનું સન્માન કરતાં જ્ઞાનજ્યોત વિદ્યાલયના ટ્રસ્ટી ભ્રાતા લાલજીભાઈ, લોર્ડ ક્રિષ્ના સ્કૂલના ટ્રસ્ટી હરેશભાઈ સાથે બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. સંગીતાબેન.

અબ્રામામાં ટ્રાન્સપોર્ટ કાર્યક્રમમાં બ્ર.કુ. દિવ્યપ્રભાબેન, RTO ઈન્સ્પેક્ટર એન.એચ.ગીરજા, ST બસ ડેપોના મેનેજર નિઠ્ઠલકુમાર, રીક્ષા મંડળના પ્રમુખ એસ.કે. રાવલભાઈ, બ્ર.કુ. રંજનબેન, કવિતાબેન.

સરભાણ સેવાકેન્દ્રના વાર્ષિક ઉત્સવે કેકકટીંગ કરતાં બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, આમોદ નગર સેવા સદનના પ્રમુખ જલ્પાબેન, ડૉ. પ્રવીણસિંહભાઈ, બ્ર.કુ. પ્રીતિબેન તથા અન્ય બ્રહ્માકુમારી બહેનો.

સુરત વરાછામાં 'જલ જન અભિયાન'માં સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટના પ્રમુખ મથુરભાઈ, ચીફ કર્ન્સેવેટર ઓફ ફોરેસ્ટ શશિકુમારજી, બ્ર.કુ. પૂર્ણિમાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, વિવિધ વર્ગોના મહાનુભાવો.

ઝંખવાવ સેવાકેન્દ્ર દ્વારા ઝરપણ ગામમાં આયોજીત 'જલ જન અભિયાન'માં ઝંખવાવના MLA ભ્રાતા ગણપતસિંહ વસાવાને અભિયાનનો સંદેશ આપતાં બ્ર.કુ. સેજલબેન અને બ્ર.કુ. સાક્ષીબેન.

તારાપુર ખાતે 'રાષ્ટ્રીય કિસાન દિવસે' સ્નેહમિલનમાં વનસ્પતિશાસ્ત્રી ભ્રાતા દેવજીભાઈ જેઠવા, શિક્ષણ બોર્ડના પ્રમુખ ભ્રાતા ભુપેન્દ્રભાઈ પટેલ, સોજીત્રાના BJP પ્રમુખ ભાનુભાઈ જોષી, બ્ર.કુ. હસુબેન.

મહુડી સેવાકેન્દ્રમાં 'નશા મુક્ત ભારત અભિયાન' કાર્યક્રમમાં કેક કટીંગ કરતાં MLA ભ્રાતા જે.એસ. પટેલ, બ્ર.કુ. મનીષાબેન, બ્ર.કુ. કૃપલબેન તથા બ્ર.કુ. શિલ્પાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૭ ફેબ્રુઆરી - ૨૦૨૪ અંક : ૦૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- પરમપિતા શિવ પરમાત્માએ ....તંત્રી સ્થાનેથી ..04
- આપણું દરેક કર્મ શુભ ભાવના ....દાદી પ્રકાશમણિજી ..06
- દિવ્યબુદ્ધિ અર્થાત્ હોલીહંસ ....દાદી હૃદયમોહિનીજી ..07
- જીવનમાં સૌથી કડવી ચીજ ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..08
- પ્રસન્નતાના પથ પર - એક નજર પોતાના ..બ્ર.કુ. શિવાની ..10
- નવધા ભક્તિ અને નવધા ઈશ્વરીય જ્ઞાન ......બ્ર.કુ. વિવેક ..11
- ભોલી દાદીજી ....બ્ર.કુ. હેમંત ..14
- દિવ્યદર્શન - શક્તિ વાણીની ....બ્ર.કુ. નંદિની ..20
- પ્રસંગ પરિમલ 22
- ક.... ક્રિકેટનો..................................બ્ર.કુ. અનંત ..24
- વરદાનની પ્રતીતિ અને પ્રત્યક્ષતા ....બ્ર.કુ. ઈલા ..26
- આધ્યાત્મિક જીવન દ્વારા ....બ્ર.કુ. ચંદ્રવદન ..29
- બાબા ....બ્ર.કુ. જૂનાગઢ ..32
- Declaration 33
- સંગમયુગની શબ્દાવલી 34

2024ના લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર મોકલવાનું સરનામું

બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ

તંત્રી : જ્ઞાનામૃત

જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,

નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

Phone : 99798 99104

મુદ્રક અને પ્રકાશક

ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકાય છે. તેમને જાન્યુઆરીથી બધા અંક મળશે. મેમ્બર બનવા નીચે આપેલ બેંક ખાતાનો ઉપયોગ કરી લવાજમ ઓનલાઈન, રોકડા, ચેક કે ડી.ડી.થી ભરી શકાશે. Gpay, Phone Pay કે મોબાઈલ નંબર ઉપર જ્ઞાનામૃતનું લવાજમ ભરશો નહીં.

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

પરમપિતા શિવ પરમાત્માએ

બ્રહ્માવત્સોની ઉન્નતિ માટે આપેલાં અષ્ટ જ્ઞાન રત્નો

ક્રોધ મુક્ત

આજે ક્રોધનું મૂળ કારણ છે તનાવ. જ્યાં સુધી ક્રોધ રહેશે ત્યાં સુધી તનાવ અને ચીડિયાપણું રહેશે. તનાવથી બચવા માટે જીવનના રહસ્યને સમજવાની જરૂર છે. આપણી અંદર ચાલતા વિચારો જ તનાવ, ચીડિયાપણું અને ક્રોધ જન્માવે છે. તનાવ ઉપર નિયંત્રણ નહીં થાય ત્યાં સુધી ક્રોધ ઉપર નિયંત્રણ નહીં થાય.

શ્રીમદ્ ભગવતગીતામાં કામ અને ક્રોધને નરકનાં દ્વાર કહ્યાં છે. સાધનાપથમાં ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરવા માટે ક્રોધનો અચૂક ત્યાગ કરવો પડશે. ક્રોધનાં પરિણામોનો વિચાર કરીને તેના ઉપર નિયંત્રણ મૂકવું જરૂરી છે. બ્રહ્માબાબા ગમે તેવી પરિસ્થિતિઓમાં ક્રોધમુક્ત રહ્યા હતા. તે આપણી આધ્યાત્મિક ઉન્નતિ માટે આપણે ક્રોધ મુક્ત બનીએ.

વ્યર્થ સંકલ્પ મુક્ત

વ્યર્થ ચિંતન દ્વારા એક બીજાની કમી કમજોરીનું વર્ણન કરીને આત્માની શક્તિને કમજોર બનાવીએ છીએ. એટલા માટે યાદ રાખો કે સંસારમાં દરેક આત્માનો પાર્ટ અજોડ છે.

વ્યર્થ ચિંતન ચાલવાનું કારણ આપણું સ્વયં પર નિયંત્રણ નથી. અખબારો અને સોસીયલ મીડિયામાં આવતી વાતોનું વ્યર્થ ચિંતન કરીએ. ભિન્ન ભિન્ન પક્ષોની રાજકીય ચર્ચાઓમાં વ્યર્થ ચિંતન ચાલે છે. આપણે કોઈની સાથે વાતો કરી હોય, વ્યવહારમાં આવ્યા હોય તેનું પણ વ્યર્થ ચિંતન ચાલે છે. ખાનપાન, રહેણીકરણી, માનવ સંબંધોનું વ્યર્થ ચિંતન ચાલે છે. જો આપણે સૂક્ષ્મ અવલોકન કરીએ કે જે વાતોનું આપણા જીવનમાં કોઈ સ્થાન નથી તેનું વ્યર્થ ચિંતન આપણા મસ્તિષ્કને ભારે બનાવે છે. વ્યર્થ ચિંતન મુક્ત બનીશું ત્યારે આપણી આધ્યાત્મિક ઉન્નતિ થશે.

લગાવ મુક્ત

લગાવની લપસણી ભૂમિ ઉપર ભલભલા ફસાઈ જાય છે. વિશ્વામિત્ર જેવા ઋષિ પણ અપ્સરાની માયાજાળમાં ફસાઈ ગયા હતા. બાબા તો ત્યાં સુધી કહે છે કે કોઈ પણ બ્રહ્માવત્સની વિશેષતાઓ, ગુણો અને કલાઓ પ્રત્યે લગાવ ના રાખો. આ બધી વિશેષતાઓ પ્રદાન કરનાર બાબા જ છે. વળી સેન્ટરની ઈન્ચાર્જ બહેન, સેવાસ્થાન કે ક્લાસનાં ભાઈબહેનો પ્રત્યે લગાવ ના રાખો. આપણે યાદ રાખીએ કે સેન્ટરમાં આપણે જ્ઞાન, રાજયોગનો અભ્યાસ કરવા આવીએ છીએ. ધનની વિશેષ સેવા કરનાર પ્રત્યે પણ લગાવ ના રાખો. તેને તેનું ભાગ્ય બાબા આપે છે. બ્રહ્માવત્સ બન્યા પછી લૌકિક સંબંધીઓ, ખાનપાન, પહેરવેશ વગેરેનો પણ લગાવ ના રાખો.

પરમત, પરચિંતન અને પરદર્શન મુક્ત

બાબાની શ્રીમતને અનુસરો. ભિન્ન ભિન્ન વક્તાઓ પોતાનાં પ્રવચનોમાં પોતાની મત આપે છે. તે પરમત છે. જ્ઞાનની ચર્ચામાં પણ શ્રીમત વિરુદ્ધની વાતો પરમત છે. ભક્તિ માર્ગની વાતો-ચર્ચાઓમાં પરમત દેખાય તો તેનાથી મુક્ત બનો.

માનવ પોતાનું આત્મિક ચિંતન કરવાને બદલે કોઈ વ્યક્તિનું ચિંતન કરે છે તે પરચિંતન છે. આપણી ઓફિસ, વ્યવસાયમાં કામ કરનાર લોકો, પડોશીઓ, સગા સંબંધીઓ વિશે વધુ

પરચિંતન કરીએ છીએ. પરચિંતન પતનની ખાણ છે. આત્મચિંતન ઉન્નતિની સીડી છે.

માનવને પરદર્શન કરવાની ટેવ છે. કોઈના સામે એક આંગળી કરીએ તો ત્રણ આંગળીઓ આપણા તરફ વળે છે. બીજાના દોષો પહાડ જેવા દેખાય છે. પોતાના રાઈ જેવા દેખાય છે. માટે જ કહ્યું છે કે મુખડા દેખ લે પ્રાણી જરા દર્પન મેં. દેખ લે કિતના પુણ્ય હૈ કિતના પાપ તેરે જીવન મેં. તેથી પરમત, પરચિંતન, પરદર્શનથી મુક્ત બનીએ.

અભિમાન તથા અપમાન મુક્ત

અભિમાન અને અપમાનથી મુક્ત થવું તેમાં જ સાધકનું કલ્યાણ છે. માનવને પોતાના ગુણો, વિશેષતાઓ, સત્તા-સંપત્તિનું અભિમાન હોય છે. જો તેને સન્માન ના મળે તો તેને અપમાન લાગે છે. અપમાન થવાનું કારણ આપણી અપેક્ષાઓ છે. કોઈનું કામ કર્યા પછી બદલાની ભાવના રહે છે. કોઈ આપણા કામમાં ના આવે તો અપમાન લાગે છે. બ્રહ્માવત્સને સ્ટેજ ઉપર સ્થાન ના મળે, તેને પ્રશંસા ના થાય ત્યારે પોતાનું અપમાન લાગે છે. બ્રહ્માબાબાએ સર્વસ્વ સમર્પણ કર્યું. સદા નમ્ર રહ્યા.

વ્યર્થ બોલ, ડીસ્ટર્બ કરનારા બોલથી મુક્ત

કેટલાકનો એ સ્વભાવ હોય છે કે વ્યર્થ બોલવાની એમની આદત છૂટતી નથી. બે જણ વાતો કરતા હોય ત્યારે પણ વ્યર્થ બોલ બોલે છે. માતા, પિતા, પત્ની, બાળકો, પડોશીઓને પણ વ્યર્થ બોલ બોલીને તેમને દુ:ખી કરે છે. વ્યર્થ, ડીસ્ટર્બ કરનાર બોલ બોલનાર પ્રત્યે લોકોને માન હોતું નથી. તેની ઉપસ્થિતિ લોકોને ગમતી નથી. કૈકેયીના વ્યર્થ બોલ (ભંભેરણી) થી રામાયણ સર્જાયું. દ્રૌપદીના વ્યર્થ બોલ 'અંધેકી ઔલાદ અંધે'થી મહાભારત સર્જાયું. દાસી પુત્રના મહેણાથી કર્ણ દુર્યોધનને જાણતો હતો છતાં તેના પક્ષે ગયો. જૂના રજવાડાઓમાં વ્યર્થ બોલને કારણે યુદ્ધો સર્જાયાં છે. નેતાના વ્યર્થ બોલનો પડઘો સમગ્ર દેશમાં પડે છે.

અપ્રસન્નતા મુક્ત

દુનિયામાં દરેકને એક સરખો પાર્ટ મળ્યો નથી. કોઈ રાજા, કોઈ રંક, કોઈ સુખી, કોઈ દુ:ખી, કોઈનું સ્થાન સન્માન જનક, કોઈનું સ્થાન અપમાન જનક હોય છે. સ્થિતપ્રજ્ઞના લક્ષણોમાં કહ્યું છે કે નિંદા-સ્તુતિ, માન-અપમાન, ચઢતી-પડતી, ગરમી-ઠંડી, લાભ-હાનિ, જય-પરાજયમાં માનવે સ્વસ્થ રહેવું જોઈએ. બ્રહ્માબાબાના જીવનમાં કેટલીય મુસીબતો, પીકેટીંગ, કોર્ટ વગેરની કાર્યવાહી થઈ પણ બાબા સદા પ્રસન્ન જ રહ્યા. કેટલાક સંતો મહંતો મહાનપુરુષો ગમે તેવી પરિસ્થિતિમાં પણ પ્રસન્ન રહ્યા તેથી જ તેઓ પૂજાય છે.

દિલ શિકસ્ત મુક્ત

ગમે તેવા પડકારો વચ્ચે પણ પોતાનું કાર્ય હિંમતથી કરવું જોઈએ. કદી નાસીપાસ થવું ના જોઈએ. કેટલાય વૈજ્ઞાનિકો, ઉદ્યોગપતિઓ, રમતવીરો, અભિનેતાઓ, સૈનિકો કદી નિરાશ થયા નહીં. ગાંધીજીએ દેશને સ્વાતંત્ર્ય અપાવવા માટે કેટલી મહેનત કરી પણ કદી હતાશ - નિરાશ થયા નહીં.

શિવબાબાએ બ્રહ્માબાબાને કહ્યું તારે સતયુગી સૃષ્ટિની રચના કરવાની છે. બ્રહ્મા-બાબાએ અનેક અવરોધો વચ્ચે પણ પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. આજે બ્રહ્માકુમારી વિશ્વ વ્યાપી આંતરરાષ્ટ્રીય સંસ્થા બની છે. જેના વિશ્વના 140 દેશોમાં સેવા કેન્દ્રો છે. યુનો તથા વિશ્વના અનેક દેશોએ તેનું સન્માન કર્યું છે. તેથી આત્મ ઉત્થાન કરવા માટે પરમાત્માએ આપેલાં અષ્ટ જ્ઞાન રત્નોને જીવનમાં ધારણ કરીએ. ॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

આપણું દરેક કર્મ શુભભાવના અને શુભકામના યુક્ત હોય

રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ

બાબા કહે છે બાળકો તમે તમારા સ્વમાનમાં રહો. પોતાની સ્વસ્થિતિ સ્વમાન પર રાખો તો દરેક પ્રકારની માયાથી મુક્ત રહેશો. માયા આપણો પડછાયો છે એને પીઠની પાછળ રાખો, તો તમારા પગે પડશે. પણ જો તેનું સ્વાગત કરશો, તો તમારા શિર પર બેસી જશે. આપણે તો દેવતા બનનાર આત્માઓ છીએ. આપણા શિર પર ગધેડાનું શીશ છે. બાબા આપણને પોતાના ગોલ્ડ હાથથી રોજ અમૃતવેળાએ લાઈટ માઈટથી માલીશ કરીને તાજ પહેરાવે છે. આપણે લાઈટ માઈટનો તાજ પહેરેલાં મહાવીર, મહાવિરનીયાં છીએ.

રોજ અમૃતવેળાએ સંકલ્પલોકે રોજ આપણે અંતર્મુખી બનવાનું છે, સ્વચિંતન કરવાનું છે. કદી બહિર્મુખતામાં ના આવો. કોઈ દિવસ એવો સંકલ્પ કરો કે આજે ઓછું બોલીશું, ધીરે બોલીશું, મીઠું બોલીશું પછી આખો દિવસ તેની પ્રેક્ટીસ કરો. કોઈ દિવસ એવો સંકલ્પ કરો કે આજે બેહદની દુનિયામાં ઉપરામ રહેવાનું છે. આજે આખો દિવસ ગંભીર, ધૈર્યવત રહેવું છે. આજે વિશ્વકલ્યાણ માટે આખો દિવસ શુભભાવનાઓનું દાન કરવાનું છે. આજે સર્વને શાંતિનું દાન કરવાનું છે. ક્યારે એવો સંકલ્પ કરો કે આજે ભક્તોના ઈષ્ટદેવ બનીને એમની મનોકામના પૂર્ણ કરવાની છે.

જન્મ લેતાં જ બાબાએ કહ્યું, આવો મારાં વિજયી રત્ન બાળકો આવો. તો આ વિજયનું વરદાન આપણો જન્મ સિદ્ધ અધિકાર છે. વરદાનોનો તાજ સદા પહેરી રાખો. આપણે વિજયી હતા, વિજયી છીએ અને વિજયી બનીશું. પછી જુઓ કેટલી શક્તિ આવી જાય છે. જ્યારે રમવા જઈએ છીએ ત્યારે એ સંકલ્પ નથી કરતા કે આપણી હાર થશે. માયા શેરણી છે તો આપણે શેર છીએ. પરંતુ માયા તો બિલાડી છે. આપણે તો અવતરિત થયેલા આત્માઓ છીએ. અવતાર અર્થાત્ પવિત્ર. આપણે પવિત્ર આત્મા છીએ અને રહીશું જ માયાને ચેલેન્જ કરો તો માયા મનસામાં પણ તોફાન લાવી શકતી નથી.

આપણે સતયુગના સાચા કોહિનૂર હીરા છીએ. આજકાલના ખોટા પથ્થર નથી. એવાં અનેક સ્વમાનો છે. જેની સ્મૃતિમાં રહો, તો મનસા શુદ્ધ બનશે. વિજયમાળાના એવા મોતી બનો જેથી દાણો દાણા સાથે મળી જાય. વચ્ચેનો દોરો બિલકુલ દેખાઈ ન દે. આપણે તપસ્વીકુમાર છીએ, આપણે તપસ્યા કરવાની છે. કાલે ગમે તેવા હતા, સાચા હતા, ખોટા હતા આજે તેના ઉપર પૂર્ણવિરામ મૂકી દો. ઝીરો લગાવવાથી હીરો બની જશો. ત્રણ બિંદુનું તિલક લગાવો. હું આત્મા બિંદુ, બાબા બિંદુ અને ડ્રામા બિંદુ. આ ત્રણ બિંદુ સાથે હશે તો સ્થિતિ નીચે આવશે નહીં.

બાબાએ કહ્યું છે તમે નાનાં મોટાં સર્વ વાનપ્રસ્થી છો. વાનપ્રસ્થી અર્થાત્ સર્વ ઝંઝટોથી મુક્ત. આપણે કોઈ મૌની બાબા નથી. પણ બહારના વાતાવરણથી પરે છીએ. જ્યારે વાનપ્રસ્થી બનીને રહેવું છે તો ફાલતૂ વાતોમાં વ્યવહારોમાં સમય વેસ્ટ કરવાનો નથી. ના એનર્જી (ઉર્જા) વેસ્ટ કરવાની છે. શુભભાવના, શુભ-કામનાથી દરેક કર્મ કરો. વેર, વિરોધ, નફરત આદિની વાતોમાં ના જાઓ. **॥ ઓમશાંતિ ॥**

દિવ્યબુદ્ધિ અર્થાત્ હોલીહંસ બુદ્ધિ

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

દિવ્યબુદ્ધિ અર્થાત્ હોલીહંસ બુદ્ધિ. હંસ અર્થાત્ સ્વચ્છતા, નીર યા ક્ષીરને યા પથ્થર અને મોતીને ઓળખીને મોતી ગ્રહણ કરનાર. તે જાણે છે કે આ કાંકરો છે અને આ મોતી છે પરંતુ કાંકરાને ધારણ કરતા નથી. એટલે હોલીહંસ સંગમયુગી જ્ઞાનસ્વરૂપ વિદ્યા દેવી 'સરસ્વતી'નું વાહન છે. આપ સર્વ જ્ઞાન સ્વરૂપ છો એટલે વિદ્યાપતિ યા વિદ્યા દેવી છો. તે વાહન દિવ્ય બુદ્ધિની નિશાની છે. આપ સર્વ બ્રાહ્મણ, બુદ્ધિયોગ દ્વારા ત્રણે લોકોની સૈર (સફર) કરો છો. બુદ્ધિને પણ વાહન કહેવામાં આવે છે. આ દિવ્યબુદ્ધિનું વાહન અન્ય વાહનો કરતાં તેજગતિનું છે. દિવ્ય બુદ્ધિને બુદ્ધિબળ પણ કહેવામાં આવે છે. કારણ કે બુદ્ધિ દ્વારા જ બાપ (પરમાત્મા) દ્વારા સર્વશક્તિઓ ગ્રહણ કરી શકો છો. એટલે બુદ્ધિબળ કહેવામાં આવે છે.

જેમ કે સાયન્સ (વિજ્ઞાન) બળ છે. સાયન્સ કેટલીયે હદ સુધી કમાલ દેખાડે છે. કેટલીય વાતો જે આજે અસંભવ લાગે છે તે વિજ્ઞાન સંભવ કરી દેખાડે છે. પરંતુ આ વિનાશી બળ છે. વિજ્ઞાન બુદ્ધિબળ છે પણ દિવ્ય બુદ્ધિબળ નથી. સંસારી બુદ્ધિ છે. એટલે આ સંસાર પ્રતિ, પ્રકૃતિ પ્રતિ જ વિચારી શકે છે. દિવ્યબુદ્ધિબળ માસ્ટર સર્વ શક્તિમાન બનાવે છે. પરમાત્માની ઓળખ, પરમાત્મ મિલન, પરમાત્મ પ્રાપ્તિની અનુભૂતિ કરાવે છે. દિવ્યબુદ્ધિ જે ઈચ્છો, જેવું ઈચ્છો, અસંભવને પણ સંભવ કરનારી છે. દિવ્યબુદ્ધિ દ્વારા દરેક કર્મમાં પરમાત્મ પ્યાર અને પવિત્ર ટચીંગનો અનુભવ કરી શકો છો. સફળતાનો અનુભવ કરી શકો છો.

દિવ્યબુદ્ધિ કોઈપણ માયાના વારને પરાજિત કરી શકે છે. જ્યાં પરમાત્મ ટચીંગ- પ્યોર (પવિત્ર) ટચીંગ છે. મિક્સર નહીં, ત્યાં માયાની ટચીંગ અથવા વાર (પ્રહાર) અસંભવ છે. માયા આવવાની વાત તો છોડો પણ માયા રહેતી જ નથી. જેમ કે દ્વાપરના રજોગુણી ઋષિમુનિઓ પોતાની શક્તિથી સિંહને પણ વશ કરી દેતા હતા. સિંહ સાથી બની જતો. વાહન બની જતો, રમકડું બની જતો, પરિવર્તિત થઈ જાય છે ને. તો આપ સતોપ્રધાન, માસ્ટર સર્વશક્તિવાન, દિવ્યબુદ્ધિ-વરદાની એની આગળ શું છો? દુશ્મનનું પરિવર્તત નથી કરી શકતા? દિવ્યબુદ્ધ બળ અતિશ્રેષ્ઠ બળ છે. માત્ર તેનો ઉપયોગ કરો. તો સર્વસિદ્ધિઓ આપની હથેળીમાં છે. સિદ્ધિ કોઈ મોટી ચીજ નથી. માત્ર દિવ્યબુદ્ધિની સફાઈ છે. જેમ કે આજકાલના જાદુગરો હાથની સફાઈ બતાવે છે ને? તે દિવ્ય બુદ્ધિની સફાઈ સર્વ સિદ્ધિઓને હથેળીમાં લાવે છે.

આપ બ્રાહ્મણ આત્માઓએ સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી છે. આ દિવ્ય સિદ્ધિઓ સાધારણ નથી. તેથી જ આપની મૂર્તિ દ્વારા આજસુધી ભક્તો સિદ્ધિ મેળવવા માટે જાય છે. જ્યારે સિદ્ધ-સ્વરૂપ બન્યા છો ત્યારે જ ભક્તો આપની પાસે માંગવા આવે છે. તો સમજ્યા દિવ્ય બુદ્ધિની કેવી કમાલ છે.

॥ ઓમશાંતિ ॥

જીવનમાં સૌથી કડવી ચીજ કઈ છે?

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

કોઈએ રીસર્ચ કર્યું કે દુનિયામાં કડવામાં કડવી ચીજ કઈ છે? ઘણો સમય આ રીસર્ચમાં કાઢ્યો. છતાં પણ એની રીસર્ચ પૂરી થઈ નહીં. છેવટે તે ઘેર આવ્યો અને દરવાજો ખખડાવ્યો. એની પત્નીએ દરવાજો ખોલ્યો અને તેને ધમકાવ્યો કે આટલા દિવસો સુધી ઘેર આવ્યા નહીં. ઘરના શા હાલ છે તે પણ વિચાર્યું નહીં. એણીએ પતિને ખૂબ ધમકાવ્યો. બિચારો પતિ તો હેરાન થઈ ગયો. એણે વિચાર્યું હતું કે રીસર્ચ કરીને દુનિયાને નવું પુસ્તક આપું. પણ એની પત્ની એના પર વરસી અર્થાત્ ગુસ્સો કર્યો એને અનુભવ થયો કે સંસારમાં સૌથી કડવી ચીજ આ છે તેની રીસર્ચ પૂરી થઈ. થીસીસના અંતમાં એણે એ લખ્યું કે સંસારમાં કડવી ચીજ છે મનુષ્યની કડવી વાણી, એનાથી કડવી ચીજ બીજી કોઈ નથી.

અન્ય લોકોએ પણ બતાવ્યું કે સૌથી તેજ તલવારથી પણ તેજ ઘા વાણીનો છે. તલવારનો ઘા રૂઝાઈ જાય છે, પણ વાણીનો ઘા રૂઝાતો નથી. વર્ષો સુધી વાણીનો ઘા યાદ રહે છે. એટલે કટુ વચન, કટુ વાણી ઘણી તેજ હોય છે. એક ગરીબ આદમી ગોળના વેપારી પાસે ગયો. શ્રીમાનજી, મારી પાસે રોટલી છે, એને કોની સાથે ખાઉં. મને ગોળ આપો. એ જમાનામાં આજના જેવી દુકાનો નહોતી. ગોળને, ખાંડને કોથળામાં રાખતા હતા. એના ઉપર માખીઓ બેસતી તો એને દૂર કરવા માટે લોખંડનો સળિયો રાખવામાં આવતો હતો. એ વેપારીએ એ લોખંડનો સળિયો બતાવીને કહ્યું કે અહીંથી ભાગે છે કે નહીં? આ મારું. ત્યારે એ ગરીબ વ્યક્તિએ કહ્યું, ગોળ ના આપવો હોય તો ના આપો પણ ગોળ જેવું મીઠું તો બોલો. મીઠું બોલવામાં ખર્ચ થોડું થાય છે? બોલવાનું વરદાન મનુષ્યોને મળેલું છે. આપણે મીઠા બોલ, સારા બોલ બોલવા જોઈએ. પણ કટુવચન બોલને એકબીજાને દુઃખી કરીએ છીએ. અને સ્વયંને પણ દુઃખી બનાવીએ છીએ. પછી કહીએ છીએ આ સંસારમાં દુઃખ જ દુઃખ છે. જો આ સંસાર દુઃખમય બન્યો છે યા નરક બન્યો છે તે આપણા કારણે જ બન્યો છે. આપણે જ એને એવો બનાવ્યો છે એટલે આપણે જ એને ઠીક કરવાનો છે.

બાબાએ કહ્યું છે કે બચ્ચે, માત્ર પોતાનીજ મુક્તિ - જીવનમુક્તિ વિશે વિચારવું એ સ્વાર્થ છે. જેમ સંસારમાં અનેક પ્રકારના લૌકિક સ્વાર્થ છે એવો જ આ આધ્યાત્મિક સ્વાર્થ થઈ ગયો. એટલે આપનો ઉદ્દેશ્ય એ હોવો જોઈએ કે હું પણ જીવનમુક્ત બનું અને બીજા પણ જીવનમુક્ત બને. આ સંસાર જ દુઃખમય ન રહે. આ સંસાર જ સુખમય બની જાય, શાંતિમય બની જાય. એવી સેવા કરો. માત્ર પોતાના માટે જ સુખી સંસાર ન બનાવો. પોતાના માટે પૈસા કમાયા. મોટર રાખી, એક નહીં ત્રણ ત્રણ. જ્યાં પણ તમે જશો લોકો ફૂલમાળા પહેરાવશે. જયજયકાર કરતા રહેશે. પણ તેનાથી ખુશ ન થાઓ. એ વિચારો કે મેં કેટલાને સુખી બનાવ્યા છે. કેટલા રડતા લોકોનાં આંસુ લૂછ્યા છે? કેટલા અશાંત લોકોને શાંતિ આપી છે ? આપના જીવનની સફળતા આમાં છે.

આપ જાણો છો કે જેઓ લાંબુ આયુષ્ય ભોગવીને મરે છે તેમની વિશેષ સ્મશાનયાત્રા

કાઢવામાં આવે છે. એની પાછળ ઉત્સવ જેવું મનાવવામાં આવે છે. એમાં ઘણા લોકો ઉપસ્થિત હોય છે, ઠીક છે. આ પણ રસમ રિવાજ છે. પણ આપણે એ વિચારવું જોઈએ કે કોઈ 90, 100 વર્ષ સુધી જીવ્યા, એણે આટલી લાંબી આયુ સુધી માત્ર પોતાના માટે જ જીવ્યા કે બીજાઓ માટે કંઈ કર્યું? પોતાના તન-મન-ધન માત્ર પોતાના માટે જ ખર્ચ્યાં કે બીજાઓને લાભ આપ્યો? આ એક વિચારવાની વાત છે. આપણું જીવન મહાન કાર્યમાં લાગવું જોઈએ. ન કે સાધારણ કાર્યમાં. કર્મ તો દરેકે કરવાનું જ છે. કર્મ વગર કોઈ રહી શકતું નથી. ગીતામાં કહ્યું છે હે અર્જુન, દરેક વ્યક્તિ જે આ કર્મક્ષેત્ર પર આવ્યો છે, જેણે કર્મેન્દ્રિયોનું શરીર લીધેલું છે, એને કર્મ તો કરવું જ પડે છે. કર્મ વિના કોઈ રહી શકતો નથી. ખાવું-પીવું એ પણ કર્મ છે. વિચારવું એ પણ કર્મ છે જને માનસિક કર્મ કહેવામાં આવે છે. મનસા, વાચા, કર્મણા એમાં કેટલાય પ્રકારનાં કર્મો થઈ શકે છે. દરેક કર્મ તો જરૂર કરે છે. ભગવાને તો ત્યાં સુધી કહ્યું છે કે કર્મ કરવા માટે મારે પણ સંસારમાં આવવું પડે છે. જો હું ન આવું તો સંસારમાં અવ્યવસ્થા થઈ જાય. લોકો ધર્મથી દૂર થઈ અધર્મી બની જાય છે. અત્યાચાર, પાપાચારમાં લાગી જાય છે. કર્મ હું પણ કરું છું અને મનુષ્ય પણ કરે છે. પણ મનુષ્ય કર્મ, અકર્મ, વિકર્મની ગહનગતિને ન જાણી ને કર્મ કરે છે. એટલે એનાં વિકર્મ બની જાય છે. એટલે આપણે કર્મો પર ધ્યાન આપવું જોઈએ. આપણાં કર્મ સેવામય હોય, આપણાં કર્મ મહાન હોય, શ્રેષ્ઠ હોય, સુખદાયી હોય. આજે એવા કર્મોની જરૂર છે એવી સેવાની જરૂર છે. જેનાથી સંસારમાં શાંતિ અને સુખ હોય. બધી સમસ્યાઓ સમાપ્ત થઈ જાય.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 10નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ

દા.ત. જીવનની યાત્રા શરૂ કરતાં સમય ભરેલા ગ્લાસના રૂપે હાથમાં છે. જો જીવની યાત્રા સ્વયંને ભરવાની પ્રક્રિયા હોતી તો બાળક કેવું હોવું જોઈએ. બિલકુલ ખાલી અને આપણે આપણા અંતિમ દિવસોમાં કેવા હોવા જોઈએ, બિલકુલ ભરેલા. ખુશીઓ, ઉત્સાહ, ઉમંગથી ભરેલા. પરંતુ આવું નથી. બાળકને જોઈને આજે પણ એટલું આકર્ષણ શા માટે થાય છે કારણ કે તે બાળક ઉર્જા, સંભાવનાઓથી ભરેલું છે. પણ ધીરે ધીરે આપણે જ એને શીખવાડવાનું શરૂ કરીએ છીએ અને ધીરે ધીરે એને જ ખાલી કરી દઈએ છીએ. બાળકને કોઈ ટેન્શન નથી પણ આપણે કહીએ છીએ તારે ટેન્શન રાખવું જોઈએ. બાળકને ડર લાગતો નથી પણ આપણે એને ડરતાં શીખવાડીએ છીએ. બાળકની પાસે ના ચિંતા છે, ના ડર, કે ના ગુસ્સો. આ ત્રણ ચીજો છે જે આપણને ખાલી કરે છે. જીવનની યાત્રા આ ત્રણ ચીજોથી શીખતા જઈએ છીએ. અને શીખતાં શીખતાં ખાલી થઈ જઈએ છીએ. કારણ કે આપણે એવું વિચારીએ છીએ કે બહારથી જે સર્વ કાંઈ મળશે તે આપણને ભરશે.

આપણે ધ્યાન રાખવાનું હતું કે અંદરવાળું જે ભરેલું હતું તે ભરેલું રાખીને બહારનું મેળવવા માગતા હતા. પણ આપણે એટેન્શન શાના ઉપર રાખી રહ્યા છીએ. કે બીજા લોકો શું કરી રહ્યા છે. અહીં તહીં જોશો તો ગ્લાસ ખાલી થઈ જશે. આપણે સર્વ કાંઈ મેળવવું છે પણ એક નજર પોતાના ઉપર રાખવાની છે.

॥ ઓમશાંતિ ॥

પ્રસન્નતાના પથ પર

એક નજર પોતાના ઉપર પણ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

એક ક્ષણ થોભો અને વિચારો કે કઈ સ્કૂલમાં દરેક બાળક પ્રથમ આવી શકે છે બસ વિચારવાની જરૂર છે કે આ પ્રતિસ્પર્ધા ક્યાં અને કોની સાથે છે. આપની જેટલી વાસ્તવિક ક્ષમતાઓ છે, એના કરતાં વધારે વાંચો. વાંચીને જેટલું પ્રાપ્ત કરવા ઈચ્છો છો તેટલું પ્રાપ્ત કરો. અહીં તહીં જોવાની ક્યાં જરૂર છે?

આપની નોકરી છે, આપનો બીઝનેસ છે અને આ આપની જ યાત્રા છે. જેટલી મહેનત કરી શકો છો તેટલી કરો. પોતાના માટે જેટલો ઊંચો ગોલ સેટ કરી શકો છો તે કરો. પણ બીજાને જોઈને પ્રતિસ્પર્ધા ના કરો. દરેકની કામ કરવાની પોતાની પદ્ધતિ છે. આપે એ નક્કી કરવાનું છે કે આપની પદ્ધતિ કેવી છે. બસ એમાં બાંધછોડ ના કરો. સ્વયં માટે નક્કી કરો કે આ મારું લક્ષ્ય છે આ ઉદ્દેશ્ય છે. હું મારું સર્વશ્રેષ્ઠ પ્રદાન આપી રહ્યો છું. પણ ગોલ રાખી શકો છો કે હું સૌથી સારો ડોક્ટર છું. પછી એ બેસ્ટ ઉપર ધ્યાન આપીને ચાલો. અહીં બીજા કોઈ સાથે સ્પર્ધા નથી. જો આપણે એવું માની લીધું કે હું તેના કરતાં સારો છું તો તે મારી મોટી ભૂલ છે.

જો મારૂતી મર્સીડીઝની સાથે સ્પર્ધા કરે તો વિચારો શું થશે? સ્પર્ધાને કારણે બન્નેને નુકસાન થઈ શકે છે. એટલું પ્રાપ્ત કરવાની પોતાની ક્ષમતા નથી તે પોતાની ક્ષમતાથી વધારે કરવાની પ્રક્રિયામાં, કેટલીક બાબતોમાં સમાધાન કરી લે છે. કેટલાક લોકો એવા છે જેમની ક્ષમતા વધારે છે તે તેટલો પ્રયાસ કરતા નથી. તેઓ માત્ર એ જોઈને ખુશ થાય છે કે હું આનાથી આગળ છું.

પોતાનો ગોલ સેટ કરી લો કે મારે આ આ કરવાનું છે. પણ કઈ રીતે કરવાનું છે તે મારે નક્કી કરવાનું છે. દા.ત. આપ ત્રણ મિત્રો એક જ બીઝનેસ કરી રહ્યા છો પરંતુ એકની પ્રાથમિકતા છે કે તે પોતાના પરિવારની સાથે વધારે સમય વીતાવે. બાકી બેની તેવી ઈચ્છા નથી. જે પોતાના પરિવાર સાથે વધારે સમય વીતાવી રહ્યો છે ત્યારે એવું બની શકે કે એનો નફો ઓછો હોય. કારણ કે તે એટલું ધ્યાન આપી રહ્યો નથી. તે સાંજે છ વાગે ઘેર આવી જાય છે. કારણ કે આ પસંદગી તેણે પોતાના માટે કરી છે. આ એની કામ કરવાની શૈલી છે, એની કોઈની સાથે સ્પર્ધા નથી.

આજે મોટા ભાગે લોકો કહે છે કે સર્વ કાંઈ મળી ગયું પરંતુ અંદર કંઈક ખાલી છે. અંદર ખાલી શું છે? અસલામતીની ભાવના. અસલામતીની ભાવના છે કે સર્વ કાંઈ આપણા હાથમાંથી ચાલ્યું ના જાય. અંદર આ ખાલીપણું કેમ છે? સચ્ચાઈ એ છે કે અમે ભરેલા હતા, અમે ઘણું બધું કરી દીધું, જેનાથી અમે ખાલી થઈ ગયા. જિંદગીના દરેક પગલે ચાલતાં આપે કહ્યું કે સ્પર્ધા છે. દોડ છે, આ બોલીને તમે તનાવ પેદા કર્યો અને અંદરથી ખાલી થઈ ગયા. કોઈ રસ્તામાં આવે તો અલગ અલગ ઉપાય અજમાવો. જીવવાની પદ્ધતિમાં પોતાના સિદ્ધાંતોમાં બાંધછોડ કરી. આ રીતે આપ ખાલી થઈ ગયા. આપ ચીડિયા બની ગયા. ગુસ્સો કર્યો. આપ ખાલી થઈ ગયા.

(અનુસંધાન પેજ નં. 09 પર)

નવધા ભક્તિ અને નવધા ઈશ્વરીય જ્ઞાન

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ.

પરમાત્માએ કહ્યું છે કે યજ્ઞ-હવન, જપ-તપ, મંત્ર-જાપ કે પૂજા-પ્રાર્થનાથી મારી ક્યારેય પ્રાપ્તિ થતી નથી. હાં, જો ભક્ત નવધા ભક્તિ કરે છે તો તેની ભાવનાનું ભાડું અવશ્ય આપું છું. તેને સાક્ષાત્કાર કરાવું છું. નવધા ભક્તિ કરવાથી ભક્તને સાક્ષાત્કાર થાય છે. દાખલા તરીકે કોઈ શ્રીકૃષ્ણનો ભક્ત છે, તો તે ભક્ત શ્રી કૃષ્ણનો સાક્ષાત્કાર કરે છે. પરંતુ તે વૈકુંઠવાસી ના બની શકે. પરંતુ જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, અધર્મ વધી જાય છે, ત્યારે હું કલ્પના અંતે સંગમયુગે બ્રહ્માના તનમાં અવતરીત થઉં છું. હું સમગ્ર મનુષ્યજાતિના કલ્યાણાર્થે જે જ્ઞાન આપું છું તે જ્ઞાનના આધારે જે મનુષ્ય નવધા અધ્યયન કરે છે તે સ્વ-પુરુષાર્થ અનુસાર વૈકુંઠમાં પ્રાપ્તિ કરે છે. એટલે જ ગીતામાં ભગવાને અર્જુનને સ્પષ્ટ રુપેણ કહ્યું છે, હે અર્જુન, જ્ઞાની-તું-આત્મા થા, યોગી-તું-આત્મા થા. ગીતામાં સ્પષ્ટ રૂપે કહેવા છતાં પણ સામાન્ય રીતે મનુષ્ય યજ્ઞ-હવન, જપ-તપ, મંત્ર-જાપ કે પૂજા-પ્રાર્થનામાં જ જીવન પસાર કરે છે. ખૂબ મહેનત કરવા છતાં જે પ્રાપ્તિઓની અનુભૂતિ થવી જોઈએ તે કરી શકતો નથી. પરિણામરૂપે થાકી જાય છે અને તેના મુખેથી નેતિ-નેતિ, ભગવાન તો બેઅંત છે જેવા શબ્દો સરી પડે છે અથવા કાશી કલવટ ખાઈ સ્વ-અર્પણમ્ કરી દે છે.

વાસ્તવિકતા જોઈએ તો પરમાત્માની ગેરંટી એ છે કે જો નવધા ભક્તિ કરે તો સાક્ષાત્કાર થઈ શકે છે. અર્થાત્ સાક્ષાત્કાર કરવા માટે નવધા ભક્તિ આવશ્યક છે. હવે નવધા ભક્તિ શું છે? પહેલા તેના ઉપર નજર નાખીએ.

श्रवणं कीर्तन विष्णोः स्मरणं पादसेवनम्।
अर्चन वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्।।

૧. **શ્રવણ -** ઈશ્વર વિશેનું જ્ઞાન શાંતચિત્તે સાંભળવું, તેનું વિશેષ મનન કરવું, ચિંતન કરવું.

૨. **કિર્તન -** અત્યંત ભાવપૂર્વક અને લાગણીપૂર્વક ઈશ્વરનું કીર્તન કરવું.

૩. **સ્મરણ -** શ્રદ્ધાપૂર્વક પ્રભુનું સ્મરણ કરવું.

૪. **પાદસેવન -** પ્રભુના ચરણોમાં સમર્પિત થઈ પ્રભુની આજ્ઞાનું હૃદયપૂર્વક પાલન કરવું.

૫. **અર્ચન -** પ્રભુના સાનિધ્યમાં સતત રહીને પ્રભુને પસંદ હોય તેવા પુષ્પ અર્પણ કરવા.

૬. **વંદન -** પૂર્ણ શ્રદ્ધાપૂર્વક, નમ્રતાપૂર્વ વંદન કરવા.

૭. **દાસ્ય -** ઈશ્વરને સ્વામી અને પોતાની જાતને દાસ સમજી ઈશ્વરના ચરણોમાં શીશ ઝૂકાવી, સાષ્ટાંગ પ્રણામ કરવા.

૮. **સખ્ય -** પ્રભુની સાથે મિત્રભાવ કેળવવો. નિખાલસતાથી ભાવનાઓની લેન-દેન કરવી.

૯. **આત્મનિવેદન -** ભગવાન સમક્ષ પોતાનું મન ખુલ્લું રાખી પ્રભુ શરણમાં જવું.

ઉપરોક્ત બાબતને જોતા એવું સમજી શકાશે કે ભક્તિ કોઈ કર્મકાંડ નથી, એ તો હૃદયની સાચી લાગણી છે. શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક પ્રયત્ન છે. વળી આપણી સામે એ પણ એક સમસ્યા છે કે ભક્તિ કોની કરવી? કેમ કરવી? કઈ રીતે કરવી? એની યથાર્થ સમજણ પણ નથી. નવધા ભક્તિના ભાવને પણ સમજવું રહ્યું કે એમાં

સમર્પણભાવ, નિખાલસતા તેમજ નિ:સ્વાર્થભાવ આવશ્યક છે. ભક્તિમાં ભાવક રહેવું, નહીં કે યાચક બનીને ભક્તિ કરવી અને અદ્‌ભુત વાત તો એ છે કે જ્યારે એ સ્તરની ભક્તિ પૂર્ણ થાય છે ત્યારે માત્ર સાક્ષાત્કાર જ નહીં પણ પરમાત્મા દ્વારા જ્ઞાન સુદ્ધાં પ્રાપ્ત થાય છે.

આ રહી ભક્તિની વાત પરંતુ પરમાત્મા જ્યારે સૃષ્ટિ પર અવતરિત થાય છે અને બાળકોને જ્ઞાન આપે છે ત્યારે પરમાત્માએ આપેલા જ્ઞાનને જીવનમાં ધારણા કરવા માટે પણ ઉપરોક્ત નવધા પુરુષાર્થની જ આવશ્યકતા છે. જ્યારે પરમાત્માએ આપેલા જ્ઞાનને સમજીએ અને ઉપરોક્ત વિધિથી પુરુષાર્થ ના કરીએ તો જ્ઞાનથી થતી સંપૂર્ણ પ્રાપ્તિની જગ્યાએ યથાશક્તિ પ્રાપ્તિથી સમાધાન કરી લેવું પડે છે. અને અંતિમ સમયે મુખેથી - પ્રભુ તારી લીલા અપરંઅપાર જેવા શબ્દ સરી પડે છે.

પરમાત્મા કહે છે કે મીઠા બાળકો, તમે નવધા શિક્ષણ લઈ ભણો છો જેથી તમારી બધી જ મનોકામના પૂર્ણ તાય છે અને નવધા શિક્ષણથી વૈકુંઠપુરીમાં શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરો છો. ઉપરોક્ત નવધા ભક્તિને નવધા જ્ઞાનના દૃષ્ટિકોણથી યથાર્થ ભાવને જાણીએ.

૧. **શ્રવણ, મનન, ચિંતન -** પરમાત્માએ આપેલા જ્ઞાનને રોજ સાંભળી મનન-ચિંતન કરવું એ પાયાનો પુરુષાર્થ છે. કારણ આત્માનો ખોરાક જ્ઞાન છે. જેમ ગાય ચારો ખાઈને ઉગારે છે, તેમ પરમાત્માના જ્ઞાનને મનન-ચિંતન થકી બુદ્ધિમાં ધારણ કરવાનું છે. જેથી આવવાવાળી પરિસ્થિતિ સમયે આપણે સ્વ-સ્થિતિ થકી વિજયી બની શકીશું.

૨. **કીર્તન -** કીર્તનનો અર્થ એ નથી કે જોર-જોરતી તબલા-બાજા લઈ ઢોલકી-નગાડા સાથે ગાવું. પરંતુ પરમાત્માનાં ગુણોનું, પરમાત્માની કીર્તિનું અત્યંત ભાવપૂર્વક અને લાગણીપૂર્વક હૃદયથી ગુણગાન કરવા. આપણે સૌ જાણીએ છીએ કે પરમાત્માની લીલા અપરંઅપાર છે. પરમાત્માની કાર્યપ્રણાલી, તેની કર્તવ્ય નિભાવવાની વિધિ અદ્‌ભુત છે. જ્યારે પરમાત્માના શ્રેષ્ઠ કર્તવ્યને, લીલાનો આપણે અનુભવ કરી રહ્યા છીએ, ત્યારે પરમાત્માની મહિમા કરવી, ગાયન કરી ધન્યતાનો અનુભવ કરવો. એ જ સાચું કીર્તન છે. આ અનુભવ મનુષ્યને આંતરિક ખુશી પ્રદાન કરે છે.

3. **સ્મરણ -** ભક્તિમાં 108ની માળા ફેરવતા ઈશ્વરનો જાપ કરતા હોય છે. વાસ્તવિક જોતા ઈશ્વરને ગણતરીથી યાદ કરવાને બદલે યથાર્થ રીતે જાણી મન-બુદ્ધિથી યાદ કરવા એ જ સાચું સ્મરણ છે. આ વિધિને ગીતામાં યોગ કહેવામાં આવી છે. પરમાત્મા ઈચ્છે છે કે મારા દરેક બાળકો મને ચાલતા-ફરતા, ખાતા-પીતા, કાર્ય કરતા ઊંઘતા શ્વાસોશ્વાસ મને યાદ કરે.

૪. **પાદસેવન (ચરણની ચંપી કરવી) -** ઈશ્વર તો નિરાકાર છે. તેઓને પોતાના પગ તો છે નહિ. તેથી અત્રે પાદસેવનનો ભાવ આધ્યાત્મિક ભાવ છે. અહિંયા બાળક અને માત-પિતા વચ્ચેનો સંબંધ અપેક્ષિત છે. જેમ બાળક માત-પિતાના ચરણની ચંપી કરે છે, તેમ પરમાત્માના શરણમાં આવવું અર્થાત્ પરમાત્મા સાથે માત-પિતાના સ્વરૂપે સંબંધ જોડવો. એક સપૂત બાળક બની માત-પિતાના આજ્ઞા પ્રમાણે ચાલવું, જેથી ડગલે ને પગલે પરમાત્મ-છત્રછાયામાં માયાથી રક્ષા થાય.

૫. **અર્ચન -** અર્ચનનો અર્થ થાય છે - પૂજન, આદર, સન્માન. પરમાત્માને પુષ્પ અર્પણ કરવું એ કોઈ મોટી વાત નથી. પરમાત્મા જ્યોતિબિંદુ હોવાના કારણે તેમનું પૂજન કરવું શક્ય નથી. તેથી મન-વચન-કર્મથી જાતને અર્પણ કરવું એ જ સાચો ભાવ અત્રે અપેક્ષિત છે. એ જ પરમાત્માનો આદર, નિશ્ચય અને સત્કાર પણ છે. અહિંયા પરમાત્મા સાથે શિક્ષક-વિદ્યાર્થીનો સંબંધ અપેક્ષિત છે. આપણે પરમાત્મા સાથે શિક્ષક સ્વરૂપે સંબંધ જોડવો. એક વિશેષ વિદ્યાર્થી તરીકે પરમાત્માએ આપેલા જ્ઞાનના આધારે અભ્યાસ કરવો એ જ શિક્ષક પ્રત્યેનો આદર છે. અર્ચન છે.

૬. **વંદન -** શ્રદ્ધાપૂર્વક, પરમ આદર-સત્કારથી પરમાત્માને વંદન કરવું. નિરાકાર જ્યોતિ સ્વરૂપ પરમાત્માને વંદન કરવું એટલે તેઓએ આપેલી આજ્ઞાને સરમાથે લેવી. ગુરુ-શિષ્યના સંબંધથી તેમને યાદ કરવા. ગુરુની આજ્ઞાને નમ્રતાપૂર્વક સ્વીકારવી. પોતાનો કોઈપણ પ્રકારના મનોભાવને ભેળવ્યા વગર તેઓની આજ્ઞા ઉપર ચાલવાનો વિનમ્ર પ્રયાસ કરવો એ જ ગુરુને વંદન કરવા સમાન છે.

૭. **દાસ્ય -** દાસ્યભાવ એ નથી કે તમે પોતાની જાતને નીચ-કનિષ્ઠ સમજી ઈશ્વરને સર્વશ્રેષ્ઠ ગણી સેવા કરવી. વાસ્તવમાં પરમાત્મા તો માત-પિતા, બંધુ-સખા, સાજન-સ્વામી છે. તેઓ આત્મા માટે એવા નિમ્ન ભાવ સાથે સંબંધ કેવી રીતે નિભાવી શકે? તેઓ તો કલ્યાણકારી છે, મંગલકારી છે. દાસ્યભાવનો અર્થ છે કે પરમાત્માને પોતાનો સ્વામી અર્થાત પતિ કે સાજન તરીકે સ્વીકારવો. તેમની દરેક વાતોનો આદર રાખી સેવા કરવી. મન-વચન-કર્મથી વફાદાર, ઈમાનદારીથી સંબંધ નિભાવવો. સદા નિષ્ઠાપૂર્વક ઈશ્વરીય સેવામાં તત્પર રહેવું.

૮. **સખ્ય -** પરમાત્માની સાથે મિત્રતા કેળવવી. મિત્રતા અર્થાત્ સચ્ચાઈ, પારદર્શિતા, અંદર-બહારની સફાઈ. પરમાત્મા સાથે દરેક વાતો શેયર કરવી. કોઈપણ શરત વગર નિખાલસતાથી મૈત્રીભાવથી સંબંધ નિભાવવો.

૯. **આત્મનિવેદન -** પરમાત્મા નિરાકાર જ્યોતિ-સ્વરૂપ હોવાના કારણે બહુરૂપી છે. તે જેવા છે તેવા સમજી-જાણી તેમની સાથે સંબંધ નિભાવવામાં જ આત્માનું કલ્યાણ છે. તેવો દરેક સંબંધને બખૂબી નિભાવે છે. પરમાત્મા ભોળો છે. તેથી તેઓ સહજ ભાવે બાળકોને દરેક મનોકામના પૂર્ણ પણ કરે છે. પરંતુ એક વાત સમજવા જેવી છે કે ઉપર મુજબ આપણે બધા સંબંધોને સહજ ભાવથી જોડી શકીએ છીએ, જેમાં કોઈ પણ જાતની મહેનત નથી અને સૌને તે ગમે પણ છે. પરંતુ પરમાત્માનું બીજું અને છેલ્લું રૂપ છે. ધર્મરાજનું પરમાત્માને ધર્મરાજ સ્વરૂપમાં પણ સ્મૃતિમાં રાખી આપણે કર્મ કરવા જોઈએ. સામાન્યતઃ મનુષ્ય એ વાતને ભૂલી જાય છે. એ પણ ભૂલી જાય છે કે પરમાત્મા નિખાલસ છે, તેને સચ્ચાઈ-સફાઈ ગમે છે. તે ઈચ્છે છે કે દરેક બાળક સચ્ચાઈથી મને બધા જ પ્રકારના સમાચાર સંભળાવે. માટે જ આત્મનિવેદન ને છેલ્લા સ્થાને રાખ્યો છે. આત્મનિવેદનનો ભાવ જ એ છે કે પરમાત્મા સમક્ષ પોતાનું મન ખૂલ્લું રાખી પરમાત્માના ધર્મરાજ સ્વરૂપ સમક્ષ સંપૂર્ણ રીતે પોતાના લેખા-જોખા મૌખિક સ્વરૂપે અથવા લેખિત સ્વરૂપે મૂકવા. પરમાત્મા કહે છે કે મીઠા

(અનુસંધાન પેજ નં. 21 પર)

કર્મની દેવી - અન્નપૂર્ણા માતા

ભોલી દાદીજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ.

૧૫ ફેબ્રુઆરી ૨૦૦૭ મહાશિવરાત્રીના દિવસે અવ્યક્ત બાપદાદાની પધરામણી થઈ, પરંતુ દાદી પ્રકાશમણિજી અસ્વસ્થ હોવાને કારણે મુંબઈ હોસ્પિટલમાં હતા. અવ્યક્ત બાપદાદાનાં મહાવાક્યો પૂરા થતાં જ મોહિની-દીદીએ દાદીજીનો સંદેશો આપ્યો ત્યારે બાપદાદાએ કહ્યું, 'દાદીનું આ છેલ્લું સ્ટેજ છે, તેમનું ભવિષ્ય અને ભક્તિનું સ્ટેજ બની રહ્યું છે, દાદી જીવનમાં હોવા છતાં મુક્ત છે, દાદીનું છેલ્લું સ્ટેજ છે- અષ્ટદેવતાનાં રૂપમાં પ્રસિદ્ધ થવું અને ભક્તિમાં ઈષ્ટ દેવ બનવું, દાદી પ્રકાશમણિ તો સહન-શીલતાની દેવી છે.' ત્યારબાદ દાદી જાનકીજીએ ભોલીદાદીના દેહત્યાગના સમાચાર આપ્યા ત્યારે બાપદાદાએ કહ્યું કે, 'બધાને ભોલીદાદી માટે ખૂબ જ આંતરિક પ્રેમ હતો, કારણ કે ગમે તેટલી તબિયત ખરાબ હોવા છતાં બ્રહ્માબાબાએ ભોલીદાદીને ભંડારામાં બેસાડ્યા, તો છેલ્લા શ્વાસ સુધી ભોલીદાદીએ ભંડારો ન છોડ્યો. **ભોલીદાદી કર્મણાનાં વિશેષ દેવી હતા**'

ખરેખર, ભોલીદાદીની જેમ ૧૮ થી ૨૦ કલાક અથક થઈને **'કર્મ દ્વારા સુખ આપનારી કર્મની દેવી'** બનવું ખૂબ અઘરૂં છે! સંગમયુગમાં પુરુષાર્થથી અનેક આત્માઓ અષ્ટ સો ઈષ્ટ તથા સહન કરી સહનશીલતાની દેવી અથવા દેવતા બને છે, પરંતુ પરમાત્મા પાસેથી 'કર્મની દેવી'ની પદવી (ટાઈટલ) મેળવનાર 'ભોલી દાદી' જ એકમાત્ર એવા પ્રભુરત્ન હતા જેમની મહિમા ફક્ત દીદીઓ-દાદીઓ કે બ્રહ્માવત્સો જ નહીં, પણ સ્વયં શિવ ભોળાનાથ પણ ભોલીદાદીના ગુણગાન ગાતા થાકતા નહોતા. હંમેશા પ્રસન્ન રહીને દરેકને પ્રસન્નતાનો પ્રસાદ ચખાડનાર ભોલીદાદીજીની પ્રશંસા કરતાં અવ્યક્ત બાપદાદાએ ૫ ડિસેમ્બર, ૧૯૮૯ના રોજ કહ્યું, 'ભોલીદાદીએ ક્યારેય ભાષણ કર્યું નથી, આજીવન ભંડારો જ સંભાળ્યો અને વિશેષતાને સેવામાં લગાવીને દાદી વિશેષ બની ગયા', એટલે જ મધુબનની મહિમા કરતી વખતે, સમય પ્રતિ સમય મહારથીઓની માળામાં વિશેષ રૂપથી ભોલીદાદીનું નામ પણ લેવામાં આવે છે. મુરલીમાં પણ બાપદાદા દાદીજીનું ઉદાહરણ આપી તેમની અથાક સેવાઓનાં વખાણ કરે છે.

ભોલી દાદીજીનો જન્મ કરાંચીમાં થયો હતો, તેમના માતા-પિતાએ તેમનું સરસ નામ રાખ્યું 'દેવી' જેવું નામ એમ જ દાદી દૈવી ગુણોથી શણગારેલી 'દેવી' હતા. દાદીજીનાં ભોળપણથી ખુશ થઈ બ્રહ્માબાબા તેમને પ્રેમથી 'ભોલી' કહીને બોલાવતાં, તો શિવપિતાએ તેમને દિવ્ય નામ આપ્યું 'ઈન્દ્રપુષ્પા' દાદી જ્યારે ૧૩ વર્ષનાં હતા ત્યારે સિંધમાં બધે ઓમમંડળીની ખૂબ ચર્ચા હતી. કેટલાક તેને શાંતિનું સ્થળ કહેતા તો કોઈ તેને 'ઘર બગાડનાર મંડળી' કહીને દુષ્પ્રચાર કરતાં. બાળપણમાં જ દાદીના લગ્ન શ્રીમંત પરિવારના 'હીરાનંદ થદાની' સાથે થયા હતા. દહેજના અભાવે નારાજ થયેલા સાસરિયાઓ દાદી સાથે છળ-કપટ કરતા, ખૂબ મહેનત કરાવતા. એક વર્ષની અંદર જ દાદીનાં જીવનમાં અશાંતિ

ચરમસીમાએ પહોંચી ગઈ, જેના કારણે તેઓ શાંતિની શોધમાં લક્ષ્મી-નારાયણના મંદિરે જવા લાગ્યા. ત્યાં દાદીને તેમની પિતરાઈ બહેન મળી, તેમણે દાદીની કરુણ કથા સાંભળી, દાદીને ઓમમંડળી વિશે જાણકારી આપી અને કહ્યું કે ઓમમંડળીમાં ઓમરાધેનું મધુર ભજન સાંભળવાથી મન શાંત થાય છે, પછી ભોલીદાદી મમ્માનું ભજન સાંભળવા ઓમમંડળી પહોંચ્યા. 'મૈને ઓમમંડલી મેં ક્યા દેખા?...' ઓમરાધાએ ગાયેલું આ મધુર ભજન સાંભળીને ભોલીદાદી શાંતિનાં અફાટ સાગરમાં ખોવાઈ ગયા અને તેમનાં મનમાં વૈરાગ્ય જાગ્યો. ત્યાં તેમને ધ્યાનીદાદીએ યોગાભ્યાસ પણ કરાવ્યો, ત્યારે ગહન અનુભૂતિથી તૃપ્ત થઈને, ભોલી દાદીએ પોતાનું આખું જીવન ઓમમંડળીમાં વિતાવવાનું નક્કી કર્યું.

દાદીજીના ઈશ્વર પ્રત્યેના પ્રેમનો ખ્યાલ આવતાં જ તેમના સંબંધીઓ તેમને કટાક્ષના તીરોથી ઘાયલ કરવા લાગ્યા. બ્રહ્માબાબાના ચરિત્ર પર કલંક લગાવવા લાગ્યા. તેમના સાસરિયાઓ ક્યારેક તેમને રોકતા તો ક્યારેક સુખ-સુવિધાની લાલચ આપતા. પરંતુ દાદીતો પ્રભુપ્રેમના રંગોમાં રંગાઈ ચૂક્યા હતા - આ જોઈને સંબંધીઓ તેમને કરાંચીથી હૈદરાબાદ લઈ ગયા. પણ દાદી તો બાબાને મળવા તડપતા રહ્યા. એકવાર પરિવારના સભ્યો મંદિરે ગયા, ત્યારે દાદીએ પિયર જઈને તેમના માતા-પિતાને તેના સાસરિયાઓ દ્વારા અપાતા ત્રાસ વિશે જણાવ્યું. દાદીની દુઃખદ હાલત જોઈને માની આંખો ભરાઈ આવી. માએ દાદીને ધીરજ આપી અને તેમને ફરીથી સાસરે નહીં મોકલવાની ખાતરી પણ આપી. પરંતુ તે જ સમયે દાદીના સાસુ પાંચ માતાઓને લઈને આવ્યા અને સારો વ્યવહાર કરવાનું વચન આપીને, માને પ્રાર્થના કરીને દાદીને પાછા લઈ ગયા. પરંતુ દાદીનું મન સાસરિયામાં વધુ સમય લાગ્યુ નહીં અને કાયમ માટે તેઓ પાછા આવી ગયા. હૈદરાબાદથી દાદી બાબાને ખૂબ જ પ્રેમથી પત્ર લખતા, 'બાબા, જો તમે મને આશ્રય નહીં આપો તો હું પાણી વિનાની માછલીની જેમ તડપી-તડપીને મરી જઈશ.' પછી બાબાના ધીરજ અને આશ્વાસનભર્યા પત્રો આવતા અને એ પત્રો દાદી માટે આધાર સ્તંભ સાબિત થતા.

એકવાર રાત્રે ૧૨ વાગે માતા-પિતા સાથે કારમાં બેસી દાદી બાબા પાસે આવ્યા અને રડતા રડતા બાબાને કહ્યું, 'બાબા, હું હવે ક્યાં જાઉં? તમે જ મારી રક્ષા કરો' દાદીની આ વ્યથા સાંભળીને દયા સાગરનો અવાજ કરુણાથી ભરાઈ ગયો અને બાબાની આંખોમાંથી પ્રેમના બે મોતી ટપક્યા, જેમાં દાદીને પોતાના ભવિષ્યનું ચિત્ર દેખાયું. બાબાએ તેમના માટે એક અલગ મકાન લીધું, જેમાં દાદી તેમના માતાપિતા સાથે રહેવા લાગ્યા. દાદી રોજ સિલાઈકામ શીખવા માટે અને મુરલી સાંભળવા માટે નિયમિત ઓમમંડળીમાં જવા લાગ્યા. તેમના હૃદયકુંજમાં ખુશીની કળીઓ ખીલવા લાગી. દાદીની એક નાની દીકરી પણ હતી, 'મીરા' પણ દાદીના કર્મનો હિસાબ હજુ પૂરો થયો નહોતો. એક દિવસ પતિ સવારે ૪ વાગ્યે ચાર લોકોને લઈને ઘરમાં પ્રવેશ્યો. તેઓએ દાદીના ખોળામાંથી મીરાને ઉઠાવી દૂર ફેંકી અને દાદીના માતા-પિતાને માર્યા. પતિ ૮૦ પગથિયાથી ખેંચતા-ખેંચતા દાદીને નીચે લાવ્યો અને કારમાં બેસાડી ઘરે લઈ ગયો. દાદીના કપડા ફાટી ગયા, માથામાંથી લોહી વહેવા લાગ્યું. દાદી 'બાબા, બાબા' કહીને પોકારવા લાગ્યા. એટલામાં સવારના ૬ વાગી ગયા.

પતિએ ઘરે આવીને દાદીને ઘણાં પ્રલોભનો આપ્યા. દરમિયાન માતાએ પોલીસને જાણ કરી દીધી હતી. સવારે ૧૦ વાગ્યે સુબેદાર આવ્યા, પૂછપરછ કરી અને દાદીને ઘોડાગાડીમાં બેસાડી કોર્ટમાં લઈ ગયા. કોર્ટમાં દાદીની વાત વિગતવાર સાંભળ્યા બાદ પતિ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો. તે અંગે પતિએ આડીઅવળી વાતો કહી. ત્રણ વર્ષ સુધી કોર્ટમાં કેસ ચાલ્યો. તે સમયે દાદીને અનુભવ થતો કે શિવપિતા તેમનાં મુખેથી એવી વાતો બોલાવતા જેના વિશે તેમને કોઈ જાણકારી નહોતી. અંતિમ વિજય સત્યનો થયો - દાદીની તરફેણમાં નિર્ણય લેવામાં આવ્યો, દુઃખના વાદળો હટી ગયા અને જીવનમાં સુખ અને શાંતિનો સૂર્યોદય થયો. દાદીને બાબાનો સ્નેહ અને મસ્તકનું તેજ ખૂબ જ આકર્ષિત કરતા હતા. દાદી વિચારતા, 'હું કેટલી સૌભાગ્યશાળી છું કે ભગવાનની સાથે રહું છું, તેમના મધુર શબ્દોને મારા કાનથી સાંભળુ છું, તેમના દરેક ચરિત્રને મારી આંખોથી જોઉં છું' શરૂઆતમાં બાબાએ દાદીને ૩૫ બાળકોને સંભાળવાની સેવા આપી, પછી મમ્માની સેવા કરવાનો મોકો મળ્યો. બાબાએ તેમને ૩૫૦ ભાઈ-બહેનોનાં ભોજન બનાવવાની સેવા આપીને 'અથક ભવ'નું વરદાન આપ્યું.

દાદીના આગ્રહને કારણે બાબા દરરોજ બે વાર રસોડામાં ચક્કર લગાવતા અને ખૂબ જ પ્રેમથી દાદીની પીઠ થપથપાવતા, તો દાદીનો બધો થાક ઉતરી જતો. બાબા રોજ અમૂલ્ય શબ્દો કહેતા, 'દીકરી, બહુ સારી સેવા કરે છે' તો ક્યારેક બાબા 'દીકરી, અમર ભવ' એ વરદાન પણ આપતા. દાદી બહુ ઓછું ઊંઘતા, એટલે બાબા કહેતા કે, 'દીકરી, તું તો અખંડ જ્યોતિ છે' ક્યારેક બાબા કહેતા, 'દીકરી, તું તો અથક અને ઓલરાઉન્ડર છે' બાબા હંમેશા દાદીને કહેતા, 'દીકરી, જો તને કોઈ મદદની જરૂર હોય તો મારી પાસે આવજે, ભલે હું સૂતો હોઉં તો પણ મને જગાડજે' એકવાર રાત્રે, અડધું દૂધ ફાટી ગયું - દાદીએ આ વિશે બાબાને કહ્યું. બાબા પોતે આવ્યા અને એક-એક વાટકી દૂધનું વિતરણ કર્યું, આ સાંભળી સૂતેલા પણ જાગ્યા અને બાબાના હાથેથી દૂધ પીધું. બધાને દૂધ મળ્યુ અને વધ્યુ પણ ખરું ! જેમાંથી બીજા દિવસ માટે દહીં પણ જમાવ્યુ. બાબા દરેક સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવતા. ૧૮ જાન્યુઆરીએ પણ બાબા નિયમ મુજબ રસોડામાં ગયા અને કહ્યું, 'દીકરી, હું આવ્યો છું, ફરી ક્યારેય ના કહેતી કે હું આવ્યો નહોતો' નિયતિનાં ખેલની દાદીને શું ખબર કે સાકાર બાબાના આ અંતિમ શબ્દો હશે?

શાંતિવનના દિવંગત બ્ર.કુ. ભોપાલભાઈજી દાદીજી પાસેથી મળેલી પાલનાનું વર્ણન કરે છે, 'મને ૪૦ વર્ષ ભોલીદાદીની પાલના મળી. વિશ્વ-કિશોરદાદા અવ્યક્ત થયા ત્યારે, ખરીદી અને અન્ય સેવાઓ કરવાની તક મળવાથી હું દાદીના સંપર્કમાં આવ્યો. દાદી સૌથી પહેલા ભંડારામાં પહોંચતા અને બધાનાં ગયા પછી જતા. તેઓ દાદી-દીદીની આજ્ઞા પ્રમાણે ભોજન બનાવતા અને વિધિવત બાબાને ભોગ લગાવીને જ ભોજન આપતા. એકવાર બાબાએ સંદેશીને ભોલીદાદીને એ પૂછવા મોકલ્યા કે તેમણે ભોજન ચાખ્યું હતું કે નહીં? કારણ કે ભોજનમાં મીઠું ન હતું. દાદીએ કહ્યું, 'બાબા, હું તમારી પહેલાં કેવી રીતે ટેસ્ટ કરું?' બાપદાદાએ કહ્યું, 'બાપદાદા તમને છૂટ આપે છે, પહેલાં ટેસ્ટ કરજો, કોઈપણ વસ્તુ વધારે કે ઓછી ન હોવી જોઈએ!' બાબાને દાદીનું એટલું મહત્વ અને વિશ્વાસ હતો. દરેકને આવા નસીબ નથી હોતા! મારી લૌકિક માતાએ ૧૭-૧૮ વર્ષ પાલન-પોષણ કર્યું, પરંતુ ખરા અર્થમાં તો દાદી જ

મારી માતા હતા. બહારથી આવતા મને ૧૦ પણ વાગી જતા. જો જમવાનું ખલાસ થઈ ગયુ હોય તો હું દાદી પાસે જતો, દાદી ભંડારામાં આંટો મારતા બધા તપેલા જોઈ લેતા, કંઈ ના હોય તો પ્રેમથી કહેતા, ભાઉ, મલાઈ સાથે ખાઈ લો ને! દાદીનાં મીઠા શબ્દોથી પેટ ભરાઈ જતું. દાદી નાની એવી ડબ્બીમાં મીઠા વગરનું ભોજન પોતાના માટે રાખતા હતા. જો કોઈને કંઈ ના મળ્યુ હોય તો દાદી તેમાં જ મીઠું છાંટીને આપી દેતા, પણ પોતે મીઠું અને રોટલી ખાઈને તૃપ્ત થઈ જતા. તે સમયે ચૂલા પર રસોઈ બનતી હતી. વરસાદમાં લાકડાં ભીનાં થઈ જતાં, સવારે બે વાગ્યે ભીનાં લાકડાને ગરમ રાખ પર મૂકીને સૂકવવામાં આવતાં, ત્યારે લાકડાં બળતાં! હેન્ડપંપથી પાણી ભરીને રસોઈ બનાવવામાં આવતી. મધુબનમાં એક જ નળ હતો, તેમાંથી દાદી પોતાના માટે પાણીની ડોલ ભરતા. હું કહેતો, 'દાદી, હું આપુ છું પાણી' ત્યારે તેઓ કહેતા, 'ના ના, બાબા કહે છે, કોઈની પણ સેવા ન લો.' દાદી એક નાનકડા ઓરડામાં રહેતા. કોઈ સેવાધારી ન હોય તો પોતે કામમાં લાગી જતા અને સમયસર બ્રહ્માભોજન તૈયાર કરતા, અન્નની ક્યારેય અછત વર્તાવા ન દેતા.

મધુબનના બ્ર.કુ. સૂર્યભાઈજી દાદીજીની વિશેષતાઓ વર્ણવે છે, 'ઈતિહાસમાં જેમ બુદ્ધનો, શંકરાચાર્યનો સમય હોય છે, તેવી જ રીતે યજ્ઞમાં પણ બાબા-મમ્માનો, દીદીનો-દાદીનો સમય હતો. તેવી જ રીતે ભોલી દાદીનો પણ ખૂબ જ સુંદર સમય હતો. દાદીએ કરાંચીથી આબુ સુધી જબરદસ્ત સેવા કરી. ખૂબ નાની ઉંમરે, હું (૧૯વર્ષ) અને વલ્લભભાઈ (૨૧વર્ષ) ભોલી દાદીના સહયોગી બન્યા. અમે બંને થાકી જતા ત્યારે દાદી કહેતા, 'હું વૃદ્ધ થાકી નથી અને તમે તો યુવાન છો.' આ સાંભળીને અમને ઉમંગ આવતો. સવારે ૩ વાગે દાદી પોતે આવીને સેવાની શરૂઆત કરતા. યજ્ઞમાં માતાઓ નાની-નાની થેલીઓમાં ચા-ખાંડ, હળદર-મીઠું, મરચું-મસાલા, કઠોળ લાવતી. દાદીના આદેશ મુજબ અમે તેને ડબ્બાઓમાં ભરતા. દાદીનો 'હાં જી, બાબા'નો પાઠ પાક્કો હતો. બાબાએ જો આકાશમાંથી તારો તોડીનેય લાવવાનું કહ્યું હોત, તો દાદીએ તે ચોક્કસ લાવીને આપ્યો હોત.'

ઈશ્વર જે ગુણોને કારણે પ્રેમ કરે છે, તે સરળતા, નિર્દોષતા, નિર્મળતા, સત્યતા, નમ્રતા વગેરે ગુણો દાદીમાં જન્મથી જ હતા. દરેકને સંતુષ્ટ કરવાના સંસ્કારો તો દાદીમાં ઠાંસી-ઠાંસીને ભરેલા હતા. એક નાની કન્યા દાદી સાથે હંમેશા ઝઘડ્યા કરતી, એકવાર તે ઝઘડો કરીને ગઈ અને એક કલાક પછી આવીને કહ્યું, 'મને ચુરમું જોઈએ'. દાદીએ કહ્યું, 'હા, હા, કેમ નહીં?' તેને દેશી ઘીનું ચુરમું બનાવીને ખૂબ પ્રેમથી ખવડાવ્યું. મને બહુ નવાઈ લાગી! મેં કહ્યું, 'દાદી, આ રોજ ઝઘડે છે, છતાં તમે વારે વારે કેમ બનાવી આપો છો?' ત્યારે દાદીએ કહ્યું, 'ક્યાં જશે બાબાના બાળકો? ખાવાનું મન થાય તો અહીંયા જ જમે ને!' ખરેખર, સ્થિતિ હોય તો આવી! જેમ કમળનાં ફૂલ પર પાણી પડે છે ને વહી જાય છે! દાદીનું મન કેવું કમળ જેવું નિર્મળ હતું. ઈશ્વરને તો બધા પ્રેમ કરે છે, પરંતુ ભોલીદાદી જેવા દુર્લભ આત્માઓ પર પરમેશ્વર પણ પ્રેમ- ધન વરસાવે છે. દાદીને બ્રહ્માબાબા માટે અને બાબાને દાદી પ્રત્યે અપાર પ્રેમ હતો. જ્યારે બ્રહ્માબાબા અવ્યક્ત થયા ત્યારે વિરહ વેદનાથી બીમાર દાદીને અમદાવાદ લઈ જતા હતા ત્યારે સંતરીદાદીના તનમાં બાપદાદા આવેલા હતા. દાદીને રજા આપવા માટે તેમને બાપદાદા પાસે લાવવામાં આવ્યા. ત્યારે તેમનાં માથે, ચહેરા પર, હાથે-પગે એમ દરેક અંગો પર હાથ ફેરવી

બાપદાદાએ કહ્યું, 'દીકરી, તું માયાનગરીમાં કેમ જાય છે? બાબા વતનમાંથી દવા મોકલશે!' દાદીએ 'હાં જી બાબા!' કહ્યું અને બાબાની પ્રેમાળ દ્રષ્ટિ મળતાં જ તેઓ સ્વસ્થ થઈ ગયા.

મધુબનના દિવંગત બ્ર.કુ. હર્ષિતકાકા દાદીજીનાં સ્નેહિલ સાનિધ્યનું વર્ણન આ રીતે કરે છે, "ભોલીદાદીની પાસે જતાં જ, વૃદ્ધ હોવા છતાં મને લાગે છે જાણે હું નાનું બાળક છું. મને ખીચડી બનાવતા પણ નહોતુ આવડતું, પરંતુ મારી મા બની દાદીએ મને ટોલી (પ્રસાદ), બ્રહ્મા ભોજન બનાવતા અને કોલસા ધોઈ સગડી માટે કાળા કોલસા પસંદ કરતાં શીખવ્યું. દાદીના કારણે જ હું ૨૦ હજાર લોકોનું ભોજન બનાવી શક્યો. ભોલાનાથના ભંડારાનાં કણા-દાણાનું પણ દાદીને બહુ મહત્વ હતું. અથાક મહેનતથી નાની-નાની બાબતોમાં પણ સંતુષ્ટ કરવાની દાદીની કળા કાબિલે તારિફ હતી. દાદીએ જ મને સંતુષ્ટ કરવાનું, અથાક બનવાનું અને કરકસર કરવાનું શીખવ્યું. તેમણે ક્યારેય વધેલું ભોજન ફેંક્યુ નહોતું. રાત્રીનું વધેલુ ભોજન રાત્રે ૧૧ વાગે ગરમ કરી તેને સવારે અન્ય સામગ્રી સાથે મિક્સ કરીને પરોઠા બનાવતા. વધેલી રોટલીમાંથી તેઓ શેલમાની બનાવતા અને ક્યારેક ગોળમાં રોટલીનો ચૂરો કરી લાડુ બનાવતા.

જ્ઞાનસરોવરના દિવંગત બ્ર.કુ. સુભાષભાઈ દાદીના પ્રેમનું વર્ણન કરતા કહે છે, 'સન્ ૧૯૮૩માં ગુડી પડવાના શુભ દિવસે પહેલી મુલાકાતમાં જ દાદીએ મમતાથી હાથ ફેરવી, પીઠ થપથપાવીને એટલો પ્રેમ આપ્યો કે કાયમ માટે તેમનો બની ગયો. દાદીનું હૃદય સમુદ્ર જેવું વિશાળ હતું. તેમણે મને કોલસાની સગડી પ્રગટાવતા, સાફ-સફાઈ કરતા, માખણ કાઢતા વગેરે શીખવીને મને ઓલરાઉન્ડર બનાવ્યો. એકવાર હું દાદી પ્રકાશમણિજીના ક્લાસમાં જઈ રહ્યો હતો એટલામાં મહેમાનો આવ્યા અને મારે તેમના માટે કંઈક બનાવવાનું હતું. મેં કહ્યું, 'ક્લાસમાં જઈ રહ્યો છું.' પછી દાદીએ સમજાવ્યું, 'સેવામાં ક્યારેય 'ના' ન પાડવી જોઈએ, 'ના' એટલે નાસ્તિક, 'ના' કહેવાથી નાક કપાઈ જાય છે.' બાબાની વાતો સંભળાવતી વખતે તેમની આંખોમાં પાણી આવી ગયું, એ જોઈને મેં 'હાંજી'નો પાઠ પાક્કો કર્યો. સન ૧૯૮૬માં રક્ષાબંધનના દિવસે રાખડી બાંધતી વખતે પ્રકાશમણિદાદીએ મને કહ્યું, 'સુભાષ, તારે ઘરે જવાની જરૂર નથી.' ભોલીદાદીએ અમૃતવેલા મોટાં દાદીને ભલામણ કરી મને મધુવન નિવાસી બનવાનો સોનેરી અવસર આપ્યો તો મારું મન મોરની જેમ નાચી ઉઠ્યું. એકવાર દાળ પૂરી થઈ ગઈ. કઢી તરત જ બની જાય એટલે ભોલીદાદી કઢી બનાવી રહ્યા હતા, એટલામાં પ્રકાશમણિદાદી, ગુલઝારદાદી, જાનકીદાદી, લચ્છુ-ઈશુદાદી, મોહિનીદીદી, મુન્નીબહેન આવ્યા. ભોલીદાદીને કઢી બનાવતા જોઈ, કોઈએ કડચી પકડી, કોઈએ મીઠું નાખ્યું, કોઈએ હળદર નાખી અને બધી દાદીઓએ મળીને કઢી બનાવી. ભોજન કર્યા પછી પણ ઘણાંએ તે અન્નપૂર્ણા માતાની કઢાઈમાંથી ખૂબ જ આનંદથી કઢી ખાધી. ક્લાસમાં આ વાત કહીને મોટી દાદીએ ભોલીદાદીના ગુણગાન કર્યા. એકવાર એક પાર્ટી સવારે ૬ વાગ્યે બસસ્ટેન્ડ પર પહોંચી, સવારે ૬ વાગ્યે બસ હતી, પરંતુ રસ્તા-ભોજન તૈયાર નહોતું. ભોજન બનાવી દાદીએ મને સાયકલ પર બસસ્ટેન્ડે મોકલ્યો, પણ બધા જ બસમાં બેસી ગયા હતા. મેં કહ્યું, 'દાદીએ ખાવાનું મોકલ્યું છે' આ સાંભળીને સૌની આંખમાંથી હર્ષના આંસુ વહેવા લાગ્યા. તેઓએ દાદીનો દિલથી આભાર માન્યો.'

પાંડવ ભવનના સતીશભાઈ (કવિ) દાદીજીના અનુભવો સંભળાવે છે, ‘દાદીને સમર્પિત ભાવથી સેવા કરનાર અતિ પ્રિય હતા. તેમને યજ્ઞ પ્રત્યે અપાર પ્રેમ હતો. ભોજન સમાપ્ત થઈ ગયું છે - એમ કહેવું તેમને સારું ના લાગતું. તેઓ કહેતા, ‘કોણ કહે છે કે જમવાનું પુરું થઈ ગયુ છે?’ અને કંઇક ઘટે ત્યારે જમવામાં ભીડ ન થાય એટલા માટે તેઓ ઝડપથી વસ્તુઓ ભેગી કરી રસોઈ બનાવી દેતા. દાદીની શ્રેષ્ઠ ભાવના હતી કે એક પણ વ્યક્તિ ભૂખી ન રહે, ભંડારો સદા ભરપૂર રહે, દાદી રસોડામાં જ બેઠા-બેઠા આરામ કરી લેતા. પ્રકાશમણિદાદીને રેસીપી પૂછીને જ વારે-તહેવારે વિવિધ વાનગીઓ બનાવતા. એકવાર મેં ભોલીદાદી પાસેથી યોગ-ભઠ્ઠી માટે રજા લીધી, તો ખુશીથી ભોલીદાદીએ મોટા દાદીને કહ્યું, ‘સતીશ ભઠ્ઠી કરી રહ્યો છે!’ ક્લાસમાં મારી પ્રશંસા કરતી વખતે પ્રકાશમણિદાદીએ કહ્યું, ‘સમય કાઢીને પણ તપસ્યાની આવી લગની હોવી જોઈએ!’

મધુબનના સુધામાતા દાદીજીની વિશેષતાઓ સંભળાવે છે, ‘ભોલીદાદી ખૂબ મહાન હતા, ક્યારેય કોઈથી ખીજાતા નહિં. ક્રોધથી નહીં પણ પ્રેમથી ચલાવતા. દાદીએ જ મને સૂપ, જ્યુસ અને અથાણાં બનાવતાં શીખવ્યું. પોતાના માટે દાદી સ્પેશિયલ ન બનાવતા, જનરલ ભોજન જ મંગાવીને ખાતા. પોતાની સેવા ના કરાવતા પણ યજ્ઞ સેવા વધુ કરાવતા. મધુબન આવ્યા પછી બધા ભાઈ-બહેનો ચોક્કસપણે ભોલીદાદીને મળતા, દ્રષ્ટિ અવશ્ય લેતા. દાદી પણ પૂછતા, ‘જમ્યા કે નહીં?’ દાદીની યાદશક્તિ અદ્દભુત હતી, દરેકના નામ લેતા. વૃદ્ધ હોવા છતાં કઈ વસ્તુ ક્યાં રાખી છે એ તરત કહી દેતા.’

ભોલીદાદી તો સાચે જ પ્રેમની પવિત્ર ગંગા હતા, મને (લેખકને) પણ સ્નેહ-સરિતામાં સ્નેહામૃત પાન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. દાદીની ડિક્શનરીમાં ‘ના’ શબ્દ નહોતો. તેઓ જગતમાતા બની દરેકની પોતાના બાળકની જેમ સંભાળ રાખતા. મધુવનમાં હું આત્મા સમર્પિત થયો ત્યારે ઉંમર નાની હતી, તેથી મને જાતે કંઈક બનાવીને ખાવાની ઈચ્છા થતી તો ખુશી-ખુશી બનાવવા દેતા. ઘી-માખણ, અથાણું-પાપડ કંઈપણ માંગ્યુ તો તેઓ તે તરત જ આપી સંતુષ્ટ કરતા. હું સેવાર્થ શાંતિવન આવ્યો ત્યારે અઠવાડિયામાં એક વાર તો પાંડવ ભવન જઈને દાદીને મળતો, ત્યારે જ દિલને શાંતિ મળતી, દાદી મમતામયી મા બની પ્રેમ આપતા તો મારા મનને સંતોષ મળતો.

દાદીની તબિયત અચાનક બગડતાં તેમને ગ્લોબલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. દાદીની હાલત નાજુક હોવા છતાં થોડી સારવારથી તેઓ સાજા થઈ ગયા. ત્યારબાદ ડોક્ટરોએ દાદીને અમદાવાદ લઈ જવાનું નક્કી કર્યું. સાંજે ૭.૩૦ વાગ્યે દાદીને એમ્બ્યુલન્સમાં લઈ જતા હતા. એ જ વખતે દાદીને ઊલ્ટી થઈ, જાણે દાદીએ મનમાં ને મનમાં બાબાને પોકાર્યા હોય, ‘બાબા, મારે અમદાવાદ નથી જવું, તમે મને તમારી પાસે બોલાવી લો.’ ભોળાનાથ બાબાએ ભોલીદાદીનો પોકાર સાંભળી તરત જ પોતાની ગોદમાં દાદીને લઈ લીધા. દાદીને ખબર જ ન પડી કે આતમ પંછી ક્યારે દેહના પિંજરામાંથી મુક્ત થઈ ગયું. દાદીએ ન તો કોઈની સેવા લીધી, ન તો તેઓ પથારીમાં પડી રહ્યા. કોઈનું શરીર છૂટે તો આવું છૂટે! ૯ ફેબ્રુઆરી ૨૦૦૭ ના શુભ દિવસે, તે કર્મની દેવી, અન્નપૂર્ણા માતા, સ્નેહ સરિતા સ્નેહ સાગરને જઈને મળી ગઈ.

॥ ઓમશાંતિ ॥

અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

દિવ્યદર્શન

શક્તિ વાણીની

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

આત્માનો મૂળ ગુણ પ્રેમ છે. તેથી મધુર ભાષીતાનો ગુણ જીવનમાં જરૂરથી અપનાવવો જરૂરી છે. સર્વ આત્માઓનાં પિતા પરમાત્મા શિવ પણ પ્રેમના સાગર છે. પ્રભુપિતા માટે એક ગીત છે, 'તું પ્યાર કા સાગર હૈ, તેરી એક બુંદ કે પ્યાસે હમ.' તો પ્રભુપિતાના બાળકો તરીકે આપણે સૌએ એકબીજા સાથે મીઠાશથી બોલવું જોઈએ. વ્યક્તિ જેટલી મહાન હોય, તેટલી તેની વાણી પણ મધુર હોય છે. વાણીથી માનવીના વ્યક્તિત્વની ઓળખાણ થાય છે.

વ્યક્તિને તેની બોલીથી ઓળખી શકાય છે. આ અંગે એક દૃષ્ટાંત વિચારવા જેવું છે, એક શહેરનો રાજા તેના સેનાપતિ અને સિપાઈ સાથે શિકાર માટે ઘનઘોર જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે તેઓ જંગલમાં ભૂલા પડ્યા અને છુટા પડી ગયા. તેઓ શહેરમાં જવાનો રસ્તો ગોતતાં હતા ત્યાં એક ત્રણ રસ્તા ભેગા થતા હતા ત્યાં બેઠેલા એક અંધ વ્યક્તિને મળ્યાં. આ અંધ વ્યક્તિને ત્રણેય જણા વારાફરતી મળ્યા. શરૂઆતમાં તેની પાસે સિપાઈ આવ્યો અને તેણે પૂછ્યું કે, 'અલ્યા, આંધળા શહેરમાં જવાનો રસ્તો કયો?' તેના જવાબમાં અંધ વ્યક્તિએ તેને 'સિપાઈ' તરીકે સંબોધન કરી હાથના ઈશારાથી શહેર તરફ જવાનો રસ્તો બતાવ્યો. સિપાઈના ગયા બાદ થોડા સમય પછી સેનાપતિ તેની પાસે આવીને પૂછ્યું કે, 'હે અંધ પુરુષ, શહેરમાં જવાનો રસ્તો બતાવશો.' તો તે અંધ વ્યક્તિએ તેને 'સેનાપતિ તરીકે સંબોધી માર્ગ બતાવ્યો. છેલ્લે રાજા ફરતાં ફરતાં ત્યાં આવી પહોંચ્યા અને અંધ વ્યક્તિને પૂછ્યું કે, 'સુરદાસજી, શહેરમાં જવાનો રસ્તા માટે જાણકારી કે માહિતી આપી શકશો?' ત્યારે અંધ વ્યક્તિએ 'રાજન' તરીકે સંબોધીને રસ્તો બતાવ્યો.

થોડા સમય પછી શહેરમાં રાજા, સેનાપતિ અને સિપાઈ ત્રણેય ભેગા થઈ ગયા અને અંદરોઅંદર વાત કરવા લાગ્યા કે, રસ્તો બતાવનાર વ્યક્તિ અંધ હોવા છતાં, આપણને ત્રણેયને અલગ-અલગ પદથી તેણે કેવી રીતે સંબોધન કર્યું? તેની સમજૂતી મેળવવા તેઓ ફરી તે અંધ વ્યક્તિ પાસે ગયા અને અલગ અલગ શબ્દોથી સંબોધન કેવી રીતે કર્યું, તેનું સ્પષ્ટીકરણ કરવા માટે કહ્યું. ત્યારે અંધ વ્યક્તિએ જણાવ્યું કે, માનવી તેની વાણીથી પરખાઈ જાય છે. 'અલ્યા આંધળા'ની રફ ભાષામાં બોલનારા સિપાઈ હોવો જોઈએ. 'અંધ પૂરુષ' તરીકે ઉચ્ચારનાર સેનાપતિ હોવો જોઈએ અને 'સૂરદાસજી' જેવા સન્માનીત શબ્દોનો ઉપયોગ કરનાર ચોક્કસ ઉચ્ચ કુળનો હોવો જોઈએ. બોલી અર્થાત્ વાણી કે જેના ઉપરથી તેમના હોદ્દાની ઓળખાણ પડી તેવું તેણે જણાવ્યું. આ રીતે આપણી વાણી આપણા વ્યક્તિત્વની એક આગવી ઓળખ છે. આપણી વાણી આપણી ઓળખાણ છે. આપણી વાણી આપણી શોભા છે. આપણી વાણીથી આપણી ગરિમા છલકાય છે અને કહેવતમાં પણ કહ્યું છે કે, 'જેવું હૈયે હોય, એવું હોઠે આવે.'તેથી બોલ ઉપર સવિશેષ ધ્યાન આપવું. એક આંખ ધરાવનારને 'અલ્યા કાણા' કહેવા કરતાં ભાઈ 'એકાક્ષી' કહીએ તે કેવું સારું લાગે? કેવું સુંદર

લાગે. આ શબ્દ શોભે તેની ગરિમા વધારે.

શરીરની રચના જોતા જીભ-મુખનું સ્થાન, એક બાજુથી ચહેરો જોતા ધનુષ્યના આકાર જેવું લાગતું હોય છે. જેમ ધનુષ્ય એટલે કે તીરકમાનમાં વચ્ચેથી બાણ પસાર થાય છે, તેવી જ રીતે વ્યક્તિના ચહેરામાં વચ્ચે આવેલા મુખમાંથી નીકળતા કડવા બોલ, તીરની જેમ સામેની વ્યક્તિના હૃદયને ઘાયલ કરનારા હોય છે. વિડંબના તો એ છે કે, તીરથી વાગેલો ઘા દવા કે મલમપટ્ટીથી રૂઝાઈ જાય છે. પરંતુ મુખમાંથી નીકળેલા ધારદાર તીર જેવા વેણથી પડેલો ઘા ક્યારેય રૂઝાતો નથી. કાચ પડતા તૂટી જાય ત્યારે કેમીકલથી સંધાતા તિરાડ રહી જાય કે દેખાય તેવી જ રીતે મુખમાંથી બોલેલા દુઃખદાયી કઠોર બોલથી, માનવી-માનવી વચ્ચે પડેલી મનની તિરાડો ક્યારેય સંધાતી નથી.

મહાન વૈજ્ઞાનિક લુઈસ પાસ્કલે બોધ આપતા કહ્યું હતુ કે, જો આ સૃષ્ટિ પરના લોકો થોડા ચૂપ રહે તો 70 ટકા સમસ્યાઓ સમાપ્ત થઈ જાય. ભગવાન પણ માનવીને જરૂર જેટલા જ આવશ્યક બોલ બોલવાનું સમજાવે છે. જો 5 શબ્દોથી કામ પતી જતું હોય તો વધારાના 50 શબ્દો વ્યર્થના હિસાબમાં જાય છે. હાથ પછાડવામાં જેટલી શક્તિ વપરાય છે તેટલી શક્તિ એક વધારાનો શબ્દ બોલવા પાછળ ખર્ચ થાય છે. તેથી જ ઋષિમુનિઓ અને મહાત્મા ગાંધીજી જીવનમાં અમુક અમુક સમયે વચ્ચે મૌન પાળતા હતા. ચૂપ રહેવાની ટેવ પડી જાય તો પરિવારમાં અને સમાજમાં ઉભી થતી સમસ્યાઓ ઓછી થઈ જાય. ઈતિહાસમાં થયેલ ઘણા યુદ્ધો થવા પાછળનું મુખ્ય કારણ વાણી જ છે. દા.ત. પાંડવોની પત્ની દ્રૌપદીએ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને કટાક્ષ ઉચ્ચારેલા 'અંધેકી ઓલાદ અંધે' શબ્દો એ મહાભારત રચ્યું. બોલ ઉપર અટેન્શન રાખો. એવા શ્રેષ્ઠ અને ઉત્તમ બોલ બોલો કે જેનું ફળ મળે, તેવા બોલને અલૌકિક વાણી કહેવાય.

અંગ્રેજી કહેવતમાં પણ કહ્યું છે કે, 'Speech is Silver, Silence is Gold' શબ્દો ચાંદી જેવા છે જ્યારે મૌન સોના સમાન છે. કહેવત છે કે, એક ચૂપ, સૌ સુખ. મૌનને પણ પોતાની એક ભાષા હોય છે. મૌન રહેવાથી તથા સહન કરતા રહેવાથી ઘણી સમસ્યાઓ હલ થઈ જાય છે. ગુણ માટે એક કહેવત એ છે કે, 'ન બોલ્યામાં નવ ગુણ' મુખના મૌનની સાથે સાથે મનનું મૌન પણ તેટલું જ જરૂરી છે. ખાસ અગત્યનું ક્યાં? કેટલું? શું બોલવું? કેવી રીતે બોલવું? કયા સમયે બોલવું? વાણીની શક્તિ માટે આ બાબતો ખૂબ જ જરૂરી છે. બસ, આજ મહામંત્રને સદા યાદ રાખી અમલમાં મૂકીએ. 'કમ બોલો, મીઠા બોલો ઔર મધુર બોલો'.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 13નું અનુસંધાન)... નવધા ભક્તિ

બાળકો, તમે કરેલા કર્મ-વિકર્મ, પાપકર્મને મારી સમક્ષ રજૂ કરશો તો તમારા અડધા પાપ ધોવાઈ જશે. વિકર્મોનો બોજો મનમાંથી ઉતરશે તો તમે આત્મોન્નતિ કરી શકશો.

માટે જ પરમાત્મા કહે છે કે નવધા શિક્ષણ થકી જ આત્મા સંપૂર્ણ વારસો મેળવી શકશે. અર્થાત્ પરમાત્મા સાથે મન-વચન-કર્મથી, ભાવ-ભાવનાથી, તન-મન-ધનથી, સંસારના બધા જ સંબંધો જોડવાથી જ જીવનમુક્તિનો અધિકાર પ્રાપ્ત કરી શકાય છે.

॥ ઓમશાંતિ ॥

પ્રસંગ પરિમલ

સાચો શિષ્ય

દ્રોણાચાર્યે કૌરવો અને પાંડવોને શિક્ષણ આપવા ઉપરાંત એક દિવસ એમની પરીક્ષા લેવાનું વિચાર્યું. દ્રોણાચાર્ય બોલ્યા, 'મને ગુરુદક્ષિણા આપો' કૌરવ-પાંડવ તૈયાર હતા બોલ્યા, 'બોલો ગુરુજી'.

દ્રોણાચાર્યે કહ્યું - 'એક પાઠ સાંભળો જે હું તમને આપું છું પાઠ છે - 'સત્ય બોલવું એ ધર્મ છે અને અસત્ય બોલવું અધર્મ છે. એને તમે કાલે સંભળાવજો.' કેટલાયે રાજકુમાર તરત જ પાઠ સંભળાવવા માટે તૈયાર થઈ ગયા. બોલ્યા - 'ગુરુજી અત્યારે જ સાંભળી લો.'

બીજા દિવસે સર્વ કૌરવ અને પાંડવે પાઠ સંભળાવ્યો પરંતુ ધર્મરાજ યુધિષ્ઠિરે સમય માંગ્યો. ધર્મરાજ છ માસ સુધી સમય માંગતા રહ્યા. પછી એમણે કહ્યું - 'ગુરુવર, હવે હું પાઠ સંભળાવી શકું છું.' દ્રોણાચાર્ય અતિ પ્રસન્ન થયા. એમણે ધર્મરાજની પીઠ થાબડી અને બોલ્યા - 'તું જ એક સાચો શિષ્ય છે. જેણે વિદ્યાનો મર્મ સમજ્યો છે.'

વિદ્યાને ગ્રહણ કરવી જ પૂરતી નથી. પણ એને જીવનમાં ઊતારવી જરૂરી છે. પુસ્તકિયા જ્ઞાન તો સરળતાથી મેળવી શકાય છે પરંતુ એને પોતાના આચરણમાં લાવવું એ જ સાચી સફળતા છે. આપણે જે જ્ઞાન મેળવ્યું છે એને જીવનમાં ઊતારવાનો પુરુષાર્થ કરીએ.

એક પૂજા આવી પણ

એકવાર એક બાળકના દાદાજી સાંજે ફરી આવીને દરરોજ સાયંકાલીન પૂજા કરતા હતા. બાળક પણ આ પૂજાને જોઈને અંદરથી સ્વયં આ અનુષ્ઠાન પૂર્ણ કરવાની ઈચ્છા રાખતો હતો. પરંતુ દાદાની ઉપસ્થિતિ તેને આવી તક આપતી નહોતી. એકવાર દાદાજીને સાંજે આવતાં મોડું થયું. આ તકનો લાભ લઈને બાળકે સમયસર પૂજા શરૂ કરી. જ્યારે દાદા પાછા આવ્યા તો દીવાલની પાછળ રહીને બાળકની પૂજા જોતા હતા. બાળક ઘણી બધી અગરબત્તી અને અન્ય સામગ્રીનો અનુષ્ઠાનમાં યથાવિધિ પ્રયોગ કરતો હતો. પછી પોતાની પ્રાર્થનામાં કહે છે કે ભગવાનજી પ્રણામ. આપ મારા દાદાજીને સ્વસ્થ રાખજો. અને દાદીની ઘૂંટણોનું દર્દ મટાડી દેજો. કારણ કે દાદા અને દાદીને કંઈ થઈ ગયું તો મને ચોકલેટ કોણ આપશે. પછી આગળ કહે છે ભગવાન મારા સર્વ મિત્રોને સારા રાખજો, નહીંતર મારી સાથે કોણ રમશે. પછી મારા પિતા અને માને સ્વસ્થ, તંદુરસ્ત રાખજો, ઘરના કૂતરાને પણ સારો રાખજો, કારણકે તેને કંઈ થઈ ગયું તો ઘરને ચોરોથી કોણ સુરક્ષિત રાખશે. પણ ભગવાન જો આપને ખોટું ના લાગે, તો એક વાત કહું, સૌનું ધ્યાન રાખજો. પણ એ પહેલાં ભગવાન તમારું પણ ધ્યાન રાખજો. જો તમને કંઈ થઈ ગયું તો બધાનું ધ્યાન કોમ રાખશે. આ રીતની પ્રથમ સહજ પ્રાર્થના સાંભળીને દાદાની આંખોમાં પણ આંસુ આવી ગયાં. કારણ કે આવી પ્રાર્થના કદી કરી નહોતી અને સાંભળી નહોતી.

દયા ધર્મનું મૂળ છે

જ્યારે હું નાનો હતો ત્યારે એક શાકભાજી વેચનારી બહેન અમારા ઘેર શાકભાજી વેચવા આવતી હતી. રવિવારે તે શાકભાજી વેચવા આવી. તો પાલકની ગડીઓ લઈને આવી. દરેક ગડીની તેણીએ એક રૂપિયો કિંમત કહી. મારી માએ તેના

કરતાં અડધી કિંમતે માગી. જો કે માએ વાયદો કર્યો હતો કે આ કિંમતે તે ચાર ગડીઓ ખરીદશે. થોડો સમય સુધી બન્ને પોતપોતાની કિંમત પર અડગ રહ્યાં. શાકવાળી બહેને નમ્રતાએ કહ્યું કે આ ભાવે તો ખરીદકિંમત પણ મળશે નહીં. એ માથા પર ટોપલી મૂકીને ચાલી ગઈ.

ચાર ડગલાં આગળ વધ્યા બાદ શાકભાજી-વાળી પાછી આવીને કહ્યું કે કાકી, 75 પૈસે ગડી આપીશ. માએ ના કહ્યું અને 50 પૈસે ગડીની વાત પર અડગ રહી. શાકભાજીવાળી ચાલી ગઈ. તેઓ બન્ને એકબીજાની રણનીતિઓને સારી રીતે જાણતી હતી. શાકભાજીવાળી પાછી અમારા ઘેર આવી. મારી મા પણ દરવાજા ઉપર એની રાહ જોતી હતી. એના ચહેરા ઉપર એક વિજયી હાસ્ય હતું.

આ સોદો મારી માની પ્રસ્તાવ બોલી પર થયો હતો. શાકભાજીવાળી ત્યાં સ્થિર બેસી ગઈ. જેમ કે તે એક સમાધિમાં હોય. મારી માએ પ્રત્યેક ગડીને ઉછાળીને વજન અને ગુણવત્તાની બારીક તપાસ કરી.

ગડીઓની પ્રારંભિક તપાસ પછી માએ છેલ્લે ચાર ગડીઓ લીધી. નાના સિક્કાઓથી માએ તેનું મૂલ્ય ચૂકવ્યું. શાકભાજીવાળીએ ગણ્યા વિના પૈસા લઈ લીધા. જેવી તે ઉઠી કે ચક્કર આવતાં તે પડી ગઈ. મારી માએ એનો હાથ પકડીને કહ્યું, તે સવારથી ખાધું નથી. શાકભાજીવાળીએ કહ્યું, ના આજની કમાણીથી જ મારે ચોખા ખરીદવના છે અને ઘેર જઈને ખાવાનું બનાવવાનું છે.

મારી માએ એને બેસવા માટે કહ્યું. અંદરથી રોટલીઓ અને શાક લઈને ઝડપથી પાછી આવી. અને શાકભાજીવાળીને આપી. માએ પાણીની બોટલ પણ તેણીને આપી. શાકભાજીવાળી ભૂખથી આભાર વશ બનીને ખાવાનું ખાધું. એણીએ મારી માનો અંત:પૂર્વક આભાર માન્યો. પોતાની ટોપલી માથા પર મૂકીને કામ પર ચાલી ગઈ. મને આશ્ચર્ય થયું. મેં મારી માને કહ્યું કે તું બે રૂપિયાની ભાજી માટે ભાવતાલ કરતી હતી પણ શાકભાજીવાળીને મોંઘુ ભોજન આપવામાં ઉદાર હતી. આમ કેમ?

મારી માએ કહ્યું, 'મારા પ્રેય બેટા, વ્યાપારમાં કોઈ દયા હોતી નથી અને દયાળુતામાં કદી કોઈ વ્યાપાર થતો નથી.'

॥ ઓમશાંતિ ॥

પરમાત્મ ઉર્જા

પોતાને સદા બાપની છત્રછાયાની અંદર અનુભવ કરો છો. જેટલા જેટલા યાદમાં રહેશો તેટલો અનુભવ કરશો કે હું એકલો નથી પણ બાપદાદા મારી સાથે છે. કોઈપણ સમસ્યા આવશે તો પોતાને કમ્બાઈન્ડ અનુભવ કરશો. એટલે ગભરાશો નહીં. કમ્બાઈન્ડ રૂપની સ્મૃતિથી કોઈપણ મુશ્કેલ કાર્ય સહજ બની જશે. ક્યારેય પણ કોઈ એવી વાત સામે આવે તો બાબાની સ્મૃતિમાં પોતાનો બોજ બાપને આપી દો. તો સદા પોતાને ખુશ અનુભવ કરશો. ફરિસ્તાના સમાન નાચતા રહેશો. દિવસ રાત 24 કલાક મનમાં ડાન્સ કરતા રહેશો.

દેહ અભિમાનમાં આવવું અર્થાત્ માનવ બનવું. દેહી અભિમાની બનવું અર્થાત્ ફરિશ્તા બનવું. સદૈવ સવારે ઉઠતાં જ પોતાની ફરિશ્તાપણાની સ્મૃતિમાં રહો તો ખુશીમાં નાચતા રહેશો. તો ફરિશ્તાપણાની સ્થિતિમાં રહેવાથી આસુરી વાતો પર ખુશીથી ડાન્સ કરતા રહેશો.

॥ ઓમશાંતિ ॥

ક..... ક્રિકેટનો....

બ્ર.કુ. અનંત, નડિયાદ

બાપદાદા સંગમયુગમાં પધારે છે ત્યારે શરૂ થાય છે અલૌકિક ક્રિકેટની સીઝન... નથી માન્યામાં આવતું તો લો આ રહી અલૌકિક ક્રિકેટની ટર્મીનોલોજી અર્થાત્

શબ્દાવલી

કોચ - પરમશિક્ષક શિવબાબા
કેપ્ટન - બ્રહ્માબાબા
વાઈસ કેપ્ટન - મમ્મા
પેવેલિયન - પરમધામ
મેદાન - કર્મક્ષેત્ર
પીચ - જવાબદારી
બેટ - કર્મ
બોલ - સામે આવતી તક
બોલર - માયા
ફિલ્ડરો - રાવણના 10 માથા
અમ્પાયર - ધર્મરાજ
સ્કોરર - ચિત્રગુપ્ત

અનેક પ્રકારના સ્કોરીંગ શોટ્સ

સ્ટ્રેઈટ ડ્રાઈવ - સરળતા
લેટ કટ - ધૈર્યતા
પુલ શોટ - પવિત્રતા
કવર ડ્રાઈવ - અંતર્મુખતા
હુક શોટ - હિંમત
આકર્ષક સ્કવેર ડ્રાઈવ - હર્ષિતમુખતા
સ્લીપ / સ્વીટ શોટ - મધુરતા

આઉટ થવાની રીતો

ક્લીન બોલ્ડ - કામ વિકાર
કેચ આઉટ - ક્રોધ
રન આઉટ - લોભ
હીટ વિકેટ - મોહ
હેન્ડલ ધ બોલ - અહંકાર
સ્ટમ્પડ - અલબેલાપન / આળસ
લેગ બીફોર - શ્રીમત કે બીચ ટાંગ અડાના
સેલ્ફ આઉટ - સંશય

સાવધાન !

- દેહભાન રૂપી વિકેટકીપર પાછળ બાજપક્ષીની જેમ ઊભો જ છે.
- ટૂંકી દૃષ્ટિને લીધે શોર્ટલેગ પર કેચ થઈ શકે.
- દૂરાંદેશી ન બનીએ તો લોંગઓન / લોંગઓફ પર ઝીલાય જવાય.
- જીભ પર કંટ્રોલ ન હોય તો સ્લીપમાં 1, 2, 3... ફીલ્ડરો તાકીને ઊભા છે.
- બેલેન્સ રાખતાં ન શીખીએ તો 'મીડઓન' પર કેચ અપાઈ જશે.
- પોઈન્ટ સ્વરૂપ ન બનીએ તો 'સીલીપોઈન્ટ' કે 'કવર પોઈન્ટ' પર રાવણે ફીલ્ડર રાખ્યા છે.
- 'આપ ઔર બાપ'ની વચ્ચે ત્રીજું કોઈ આવશે તો 'થર્ડ મેન' પર આઉટ જ સમજો.
- બેહદમાં ન રહેવા, રમવાથી ગલીમાં ઝડપાય જવાય.
- વારંવાર મુડ ઓફ કરવાથી 'મીડઓફ' પર કેચ આપી દેવાનો ભય રહે છે.
- અયોગ્ય વર્તન બદલ 'મેચ રેફરી' (ધર્મરાજ) દંડ પણ ફટકારી શકે છે.

બોલીંગ

માયાના 'આઉટ સ્વીંગર' બહિર્મુખતા તરફ ઘસડી જાય. ઈન સ્વીંગર ન પારખી શકીએ તો અંદરને અંદર નુકશાન કરે. સ્મૃતિની સ્વીચ ઓફ કરતી ઓફસ્પીન બોલીંગ અને લેગ પુલીંગ (ખેંચાખેંચ) તરફ ઘસડી જતી 'લેગસ્પીન'

બોલીંગનો સામનો કરવા માટે નિરંતર અભ્યાસ કરતા રહેવું. આ ઉપરાંત મનને મૂંઝવતા ‘ગુગલી’ બોલ તો ફેંકાવાનાં જ છે.

ચારેય વિષયોમાં અલગ અલગ રન સ્કોરીંગ

જ્ઞાન -

ઉપર ઉપરની સમજ - 2 રન
ગુહ્ય સમજ - 4 રન
જ્ઞાન સ્વરૂપ - 6 રન

યોગ -

સાધારણ કર્મયોગ - 1 રન
મંથન - રુહરિહાન - 2 રન
અવ્યક્ત સ્થિતિ - 6 રન
બીજ સ્વરૂપ - 6 રન

ધારણા -

સ્થૂળ નિયમો - 3 રન
સૂક્ષ્મ ધારણા - 5 રન
સંકલ્પ / સ્વપ્ન - 6 રન

સેવા -

ધન - 1 રન
વાણી - 2 રન
તન - 3 રન
યોગયુક્ત - 4 રન
સમર્પિત બુદ્ધિ - 6 રન

રીઝલ્ટ

- મેન ઓફ ધ સીરીઝ - અષ્ટ રત્ન
- મેન ઓફ ધ મેચ - 108 વિશેષ આત્માઓ
- વિજેતા ટીમનાં સભ્યો - 16108 (રોયલ ફેમીલી)
- મેદાન પરના દર્શકો - 9 લાખ લકી સિતારા
- ટીવી દર્શકો - 2 કરોડ સંબંધ સંપર્કના આત્માઓ
- રેડિયો કોમેન્ટ્રીના શ્રોતાગણ - 33 કરોડ સંઘ પ્રાપ્ત કરનારા.

ઈનામ વિતરણ

વિશ્વ મહારાજન, સતયુગી રાજા, ત્રેતાયુગના રાજાઓ, રોયલ ફેમીલી, સતયુગી પ્રજા, ત્રેતાયુગી પ્રજા ઈત્યાદિ....

વાચક આત્માઓ ! બાપદાદાએ 17-03-03ની અવ્યક્ત વાણીમાં વર્લ્ડ કપ બધાને અપાવવાની વાત કરેલી. આપ પણ આ શબ્દાવલીમાં સુધારા વધારા સૂચવી શકો છો. ગુડ લક.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 28નું અનુસંધાન)... **વરદાનની પ્રતીતિ** પર રહીને બાબાના ઘરની પ્યાર અને પાલનાનો, બાબાની છત્રછાયા તથા બાબા એમના સમર્પિત બુદ્ધિ બાળકોને કેવી રીતે સાચવી લે છે એ અનુભવ કરી રહ્યા છીએ.

આ રીતે બાપદાદાએ અમારા પરિવારને આપેલું વરદાન ‘આ પુણ્યાત્માઓનો પરિવાર છે.’ સાકાર રૂપે ચરિતાર્થ થતું અનુભવ્યું.

માતાજી અને મોટાભાઈની બંને આત્માઓને એમના અંતિમ સમયે બાબાએ સેવાકેન્દ્ર પર બોલાવી એમની ગોદીમાં લઈ લીધા. બાપદાદાના વરદાની હાથ અને મદદના સાથનો અનુભવ કરાવ્યો. સેવાકેન્દ્રના પવિત્ર સમર્પિત બહેનો - કુમારોની પ્યાર - પાલના અને સેવાનો અનુભવ કરાવ્યો.

આદરણીય બ્ર.કુ. ચંદ્રિકાદીદી, બ્ર.કુ. ઈન્દુબેન, બ્ર.કુ. રીટાબેન તથા સમગ્ર મહાદેવનગર સબઝોનની ફુલવાડીનો ખૂબ ખૂબ દિલથી ધન્યવાદ વ્યક્ત કરતા દિલ અંદરથી ગદ્ ગદ્ થઈ જાય છે.

કિન શબ્દો મેં આપકા ધન્યવાદ કરે મીઠે પ્યારે બાબા...

॥ ઓમશાંતિ ॥

વરદાનની પ્રતીતિ અને પ્રત્યક્ષતા

બ્ર.કુ. ઈલાબેન, મહાદેવનગર, અમદાવાદ.

અલૌકિક ઈશ્વરીય પરિવારની પાલના અને બાબાના વરદાનના સાક્ષાત અનુભવની સત્ય ઘટના.

પરમાત્મા આત્માઓના ત્રણેય કાળના જ્ઞાતા છે. તેની સમક્ષ મિલન-મુલાકાતમાં આત્માઓને વરદાન આપે છે. આવું જ એક વરદાન શિવબાબા (બાપદાદા)એ અમારા પરિવારને આપ્યું છે - 'આ પુણ્યાત્માઓનો પરિવાર છે.' જેના અનુભવની સત્ય ઘટના આપની સમક્ષ રજૂ કરું છું. એક બળ અને એક ભરોસો તેમજ પરમાત્મામાં અડગ નિશ્ચયથી બાબા એના બાળકોની કેવી સંભાળ લે છે તેના અનુભવની આ ગાથા છે. કહેવાય છે. જીવન તો સફળ થાય પરંતુ મૃત્યુ પણ સાર્થક નીવડે એ આત્મા પુણ્યશાળી હોય છે અને મારા પરિવારને એ વાતનું ગૌરવ છે.

1975માં અમદાવાદના સારંગપુર વિસ્તારમાં કેરીપીઠાના મેદાનમાં યોજાયેલ પ્રથમ અને વિશાળ મેળામાંથી મારા પિતાશ્રી નટવરભાઈએ ઈશ્વરીય જ્ઞાન પ્રાપ્ત કર્યું. એના માટે નિમિત્ત બન્યા મારા નાના બહેન બ્ર.કુ. રીટાબેન. જે મહાદેવનગર સેવાકેન્દ્ર પર સમર્પિત છે. એ દિવ્ય આત્માનો જન્મ અમારા પરિવારમાં થવાનો હશે. એના માટે શિવબાબાએ પવિત્ર ધરણી અને જ્ઞાન-યોગનું શુદ્ધ વાતાવરણ તૈયાર કર્યું. એ દિવ્ય આત્માનો માતાના ગર્ભમાં પ્રવેશ થયો એ જ સમયગાળામાં પિતાશ્રીએ રાજયોગ શિબિર કરી. ત્યારબાદ મારા મોટાભાઈ જીતેન્દ્રભાઈ અને રીટાબેનને ખોળામાં લઈને મારા માતાશ્રી તારાબેને સાથે મેં રાજયોગ શિબિર કરી. આમ, સમગ્ર પરિવાર 47 વર્ષથી ઈશ્વરીય જ્ઞાન-યોગના સાધના પથ પર અગ્રેસર રહ્યો છે. 40 વર્ષથી શાહીબાગ સેવાકેન્દ્રના સંચાલન હેઠળ મેઘાણીનગર પાઠશાળા નિમિત્ત બનીને સંભાળી રહ્યા છીએ. હું ઘેર રહીને માતા-પિતા અને મોટાભાઈ જીતુભાઈ (જે કુમાર અને વિકલાંગ)ની સેવા, નોકરી અને ગીતાપાઠશાળાની જવાબદારી સંભાળું છું. જ્યારે બ્ર.કુ. રીટાબેન 27 વર્ષથી મહાદેવનગર સેવાકેન્દ્ર પર સમર્પિત રૂપે સેવા આપી રહ્યા છે.

ડ્રામાની પટરી પર ચાલતી જીવનરૂપી ગાડીમાં ક્યારેક અચાનકનો સીન આવી જાય છે. એવો જ અચાનકનો સીન 21 એપ્રીલ 2021ના રોજ અમારા પરિવારમાં આવ્યો. મને અને મારા માતૃશ્રીને કોરોના પોઝીટીવ આવ્યો. જ્યારે મારા પિતાજી અને ભાઈને કોરોના નેગેટીવ હતો. નાની બહેન બ્ર.કુ. રીટાબેનને જાણ થતા તેઓ મોટાભાઈ અને પિતાજીને મહાદેવનગર સેવાકેન્દ્ર પર લઈ આવ્યા. હું અને માતાજી ઘેર હતા. આઠ દિવસ બધુ નોર્મલ રહ્યા બાદ નવમા દિવસથી માતાજીનું ઓક્સિજન લેવલ થોડુ ડાઉન થવા લાગ્યું. મેં બાબાને કહ્યું કે આ પેપર અમારી સામે આવ્યું છે તેને પાર કરવાની હિંમત અને મદદ આપને જ કરવાની છે. આદરણીય બ્ર.કુ. ચંદ્રિકાદીદી અને બ્ર.કુ. ઈન્દુબેનને ખબર પડતા જ તેમણે અમને બંનેને લેવા માટે સેન્ટર પરથી ગાડી મોકલી દીધી. મેં કહ્યું કે અમે બંને કોરોના પોઝીટીવ છીએ. સેન્ટર પર બીજા કોઈને પણ ચેપ લાગી શકે છે. તેમણે કહ્યું કોઈપણ પ્રકારની ચિંતા કર્યા વિના સેન્ટર પર આવી જાવ. 2021માં એપ્રિલ મહિનામાં કોરોના પીક પર હતો. ઓક્સિજનના બોટલની, ઈન્જેક્શનની અછત હતી.

હોસ્પિટલમાં જગ્યા ન હતી. એવા સમયે સેન્ટર પર માતાજીને ઓક્સિજનની જરૂર હતી તો ઓક્સિજનના બોટલો અને ઈન્જેક્શનની વ્યવસ્થા પણ થઈ ગઈ. દિવસ-રાત સેન્ટરના બહેનો અને કુમારોએ અથક બનીને સેવા કરી. ચા-દૂધ, નાસ્તો-જમવાનું, સૂપ-સરબત બધુ જ સમયસર રૂમમાં આપવામાં આવતું હતું. સેવાકેન્દ્ર પર ત્રણ દિવસ રહ્યા બાદ માતાજીનું ઓક્સિજન લેવલ ડાઉન થતું હોવાથી એમને હોસ્પિટલમાં એડમીટ કરવાની જરૂર પડી. હોસ્પિટલમાં પણ માતાજીને બાબાના ઘરનું ભોજન મળી રહે તે માટે સવાર-બપોર - સાંજ ત્રણેય ટાઈમ સમયસર ટીફીન પહોંચાડવાની સેવા પણ કુમારોએ ખૂબ અથક બની દિલથી કરી.

15 દિવસ હોસ્પિટલમાં રહ્યા બાદ 17મે 2021ના રોજ સવારે હાર્ટએટેક આવવાથી માતૃશ્રીએ દેહત્યાગ કર્યો. પવિત્ર બહેનો-કુમારોની સેવા અને બાબાના ઘરની પાલના લઈને બાબાની ગોદમાં સમાઈ ગયા. આ કેટલા શ્રેષ્ઠ ભાગ્યની વાત છે કે જીવન તો શ્રેષ્ઠ જીવ્યા પણ મૃત્યુ પણ સાર્થક થઈ ગયું.

આવો જ ઈશ્વરીય પ્યાર અને પાલનાનો અનુભવ જુલાઈ-ઓગસ્ટ 2023માં થયો. 7 જુલાઈ 2023ના રોજ હું નોકરીના સ્થળે પડી જવાથી મને પગના પંજામાં ક્રેક આવી. ડોક્ટરે મને એક મહિનો સંપૂર્ણ આરામ કરવા કહ્યું. ઘરમાં મારા મોટાભાઈ જીતુભાઈ (જે વિકલાંગ કુમાર) અને પિતાજી નટવરભાઈ (જે 89 વર્ષના) માતાજીએ કોરોનામાં દેહત્યાગ કર્યો હતો. આથી મોટાભાઈ, પિતાજીની સેવા, મારી લૌકિક નોકરી તથા ઘરની જવાબદારી હોવાથી મને ચિંતા થઈ કે આ બધુ કેવી રીતે મેનેજ થશે. મેં બાબાને કહ્યું કે અમને ત્રણેયને સંભાળવાની જવાબદારી તમારી છે. તમારે જ મદદ કરવાની છે.

નાની બહેન બ્ર.કુ. રીટાબેનને વાત કરી. આદરણીય બ્ર.કુ. ચંદ્રિકાદીદી અને બ્ર.કુ. ઈન્દુબેનને વાતની જાણ થતા તરત જ એમનો ફોન આવ્યો કે તમે ત્રણેય જણા સેવાકેન્દ્ર પર આવી જાવ. અમે વિચાર વિમર્શ કર્યા બાદ નિર્ણય લીધો કે સેવાકેન્દ્ર પર જવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

13મી જુલાઈ 2023ના રોજ અમે મહાદેવનગર સેવાકેન્દ્ર પર આવી ગયા. મહાદેવનગર સેવાકેન્દ્ર પર બધા જ બહેનોએ મારી ખૂબ જ કાળજી રાખી. તેમજ કુમાર ભાઈઓ મોટાભાઈ અને પિતાજીની ખૂબ પ્યારથી સંભાળી લીધા. સેવાકેન્દ્રના બધા સેવાધારી ભાઈ-બહેનોએ અમારા ત્રણેય જણાની ખૂબ દિલથી સેવા કરી. ચા-દૂધ, સૂપ-સરબત કે નાસ્તો-જમવાનું બધું જ રૂમમાં આપવામાં આવતું હતું. મને એક મહિનો સંપૂર્ણ આરામ મળી જવાથી મારા પગનું હિલીંગ ખૂબ ઝડપથી થઈ ગયું. મહાદેવનગર સેવાકેન્દ્રના સર્વ ભાઈ-બહેનોનો નિઃસ્વાર્થ પ્યાર, દિલની દુઆ, શુભભાવના તેમજ બાપદાદાની છત્રછાયામાં એક મહિનાનો સમય નિશ્ચિંત અને હળવાશથી પસાર થઈ ગયો. બાબાના ઘરની પાલનાનો આ મારો બીજો અનુભવ હતો.

એક મહિના બાદ 15 ઓગસ્ટ 2023ના રોજ મારા પગનો પાટો છોડ્યા બાદ અમે અમારા લૌકિક ઘેર જવાની વાત કરી ત્યારે આદરણીય બ્ર.કુ. ઈન્દુબેને કહ્યું કે 30મી ઓગસ્ટે રક્ષાબંધન આવે છે તો રક્ષાબંધન કરીને જાવ. 20મી ઓગસ્ટે મહાદેવનગર સેવાકેન્દ્ર પર કુમારો-કુમારીઓનું રક્ષાબંધન હતું. એટલે અમે થોડા દિવસ સેવાકેન્દ્ર પર રોકાઈ જવાનું નક્કી કર્યું.

20મી ઓગસ્ટે આદરણીય બ્ર.કુ. મંજુલાબેને (જ્ઞાનમાર્ગની શરૂઆતના વર્ષોમાં ખાડિયા-રાયપુર સેવાકેન્દ્રના સંચાલિકા જેમની અલૌકિક પાલના લીધી હતી.) મોટાભાઈ જીતુભાઈને રાખડી બાંધી. 22મી ઓગસ્ટે મહાદેવનગર સબઝોનની બધી નાની મોટી ટીચર્સનું મહાદેવનગર સેવાકેન્દ્ર પર જ રક્ષાબંધન હતું. ત્યારે ભાઈની બધા જ બ્ર.કુ. બહેનો સાથે દૃષ્ટિ મુલાકાત થઈ અને અમારા શાહીબાગ સેવાકેન્દ્રના આદરણીય બ્ર.કુ. વિજયાબેન અને બ્ર.કુ. ધનવંતીબેન (શાહીબાગ સેવાકેન્દ્રના સંચાલિકા જેમની 40 વર્ષોથી અમે અલૌકિક પાલના લઈ રહ્યા છીએ.) જીતુભાઈને રાખડી બાંધી અને બ્લેસીંગ આપ્યા.

તા. 24 ઓગસ્ટ 2023ના રોજ જીતુભાઈની તબિયત અચાનક બગડવા લાગી. તેમને શરીરમાં નબળાઈ અનુભવવા લાગી. ડોક્ટરને બોલાવ્યા તેમના પલ્સ અને બી.પી. ડાઉન થઈ ગયું હતું. તરત જ હોસ્પિટલમાં એડમીટ કર્યા. તેમનું લોહી 5% થઈ ગયું હતું. આખા શરીરમાં ઈન્ફેક્શન ફેલાઈ ગયું હતું. એક દિવસ હોસ્પિટલમાં ICUમાં રહ્યા બાદ તા. 26મી ઓગસ્ટ 2023ના રોજ અમૃતવેલા 2.00 કલાકે નશ્વર દેહ ત્યાગ કર્યો. આમ, લૌકિક ઘેર જવાને બદલે બાબાના ઘરની પાલના લઈને સીધા બાબાની ગોદમાં ચાલ્યા ગયા. જીતુભાઈ શારીરિક રીતે વિકલાંગ હોવા છતાં મનથી મજબૂત અને શિસ્તબદ્ધ હતા. 60 વર્ષ સુધી BSNLમાં નોકરી પૂર્ણ કરી સ્વસ્થ, તંદુરસ્ત, નિરોગી શરીર સાથે 67 વર્ષ સુધી કુમાર તરીકે સંયમી જીવન જીવી બાબાએ બેહદ સેવા માટે અચાનક એમની પાસે બોલાવી દીધા. 40 વર્ષ સુધી મેઘાણીનગર ગીતાપાઠશાળા નિમિત્ત બનીને સંભાળી. જ્ઞાન, યોગ, સેવા, ધારણામાં પાકા નિશ્ચય બુદ્ધિ. એવા જીતુભાઈના દેહને પવિત્ર વાતાવરણની વચ્ચે પવિત્ર કુમારોએ તૈયાર કર્યા. મહાદેવનગરના સેવાકેન્દ્રના ભાઈબહેનોની હાજરીમાં યોગયુક્ત વાતાવરણમાં રાજયોગિની પવિત્ર બહેનોના હાથે અંતિમ વિધિ પૂર્ણ થઈ અને ખૂબ જ શાંતિપૂર્વક અંતિમયાત્રા પણ બાબા ઘેરથી જ નીકળી.

અંતિમવિધિમાં હાજર રહેલ અમારા લૌકિક સગાસંબંધીઓ મહાદેવનગર સેવાકેન્દ્રના ભાઈ-બહેનોની સેવા અને અલૌકિક પ્યાર-પાલના જોઈને ગદ્ગદ્ થઈ ગયા. બીજા દિવસે બેસણાની વ્યવસ્થા પણ મહાદેવનગર સેવાકેન્દ્ર પર કરવામાં આવી હતી. આ બંને દિવસનું સુચારુ આયોજન અને વ્યવસ્થામાં મહાદેવનગર સેવાકેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. ઈન્દુબેનનું ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું. મહાદેવનગર સેવાકેન્દ્રની સર્વ ટીચર્સ બહેનો, સમર્પિત કુમારો તથા સેવાકેન્દ્રના સેવાધારી ભાઈ-બહેનોના અથક પરિશ્રમ અને નિઃસ્વાર્થ સેવાભાવનાથી સમગ્ર વિધિ નિર્વિઘ્ન રીતે સંપન્ન થઈ.

થોડા દિવસ બાદ મેં પિતાજીને કહ્યું કે હવે આપણે આપણા લૌકિક ઘેર જઈએ. પિતાજીએ ઘેર જવાનો ઈનકાર કરી દીધો કારણ કે હવે પરિવારમાં હું અને પિતાજી બે જણા હોવાને કારણે હું નોકરી પર જાઉં ત્યારે પિતાજી ઘેર એકલતા અનુભવે. આદરણીય બ્ર.કુ. ચંદ્રિકાબેન (મહાદેવનગર સબઝોન સંચાલિકા)એ એમના વિચારને આવકારીને અમને બંનેને સેવાકેન્દ્ર પર જ રહેવાની પરવાનગી આપી અને કહ્યું કે તમારું ઘર બાબાનું ઘર હતું તો હવે બાબાનું ઘર તમારું જ ઘર છે. નિશ્ચિંત થઈને અહીંયા જ રહેવાનું છે. તા. 13 જુલાઈ 2023 થી મહાદેવનગર સેવાકેન્દ્ર

(અનુસંધાન પેજ નં. 25 પર)

આધ્યાત્મિક જીવન દ્વારા મૂલ્યનિષ્ઠ સમાજની સ્થાપના

બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

વર્તમાન પરિસ્થિતિનો ચિતાર

માનવીનું જીવન દુ:ખ - અશાંતિ, વ્યથા - વેદના, પરિસ્થિતિ - પ્રશ્નો, સંઘર્ષ - સમસ્યાઓ વચ્ચે બોજરૂપ બનતું હોવાનો અહેસાસ સામાન્ય રીતે સૌ કોઈ અનુભવે છે. જીવનમાં ચિંતા, ભય, અસલામતી, હતાશા - નિરાશાના અનુભવો વારંવાર થતા રહે છે. પ્રકૃતિ ક્યારે ક્યારે વિકરાળ સ્વરૂપે આક્રમણ કરીને જીવનની નૌકાને ડોલાવી દેશે, પાયમાલ કરી દેશે, તેની ઘેરી ચિંતા માનવ સમાજ પર ઝળુંબી રહી છે. ધરતી પર ભૂકંપ, દરિયાઈ સુનામી, કેટરીના, રીટા, વિલ્મા, બીપરજોન ... જેવા 120 થી 150 માઈલની ઝડપે ત્રાટકતાં ભયંકર વાવાઝોડાં, માનવજીવનને ઘરબાર, માલ - મિલકત અને સ્વજનો વિહોણું પળવારમાં કરી દે છે. એનો કારમો અનુભવ થોડા સમય પહેલાં જ માનવીએ કર્યો.

વળી રોજબરોજના જીવનમાં થતાં બેઈમાની, બેવફાઈ, કપટ, પ્રપંચ, સ્વાર્થ, દગા-ફટકાના અનુભવો જીરવી નહિ શકવાથી, આઘાત પામીને માનવ ઉદાસ નિરાશ બનીને ઉત્સાહ વિનાની જીંદગીનો બોજ વેંઢારી રહ્યો છે. માનવ-માનવ વચ્ચેના સંબંધોમાંથી સ્નેહને બદલે નફરત, સુખને સ્થાને વેદના, સંતોષને બદલે બેસુમાર ઈચ્છા - અપેક્ષાઓ, શાંતિની અનુભૂતિને બદલે અપાર ચિંતા, કલહ - કલેશ - કટુતાની નાગચૂડમાં આજનો માનવી લાચારી - પામરતાની આહમાં વધુ શ્વાસ લે છે.

વ્યક્તિથી પરિવાર, પરિવારોથી રાષ્ટ્ર અને રાષ્ટ્રોથી વિશ્વ બને છે. અગર વ્યક્તિના જીવનમાં શાંત - સુખ, સંતોષ - ઉત્સાહ નથી તો વિશ્વ પણ અશાંત, દુ:ખી અને ત્રસ્ત જ રહે છે.

મૂલ્ય નિષ્ઠ સમાજ કોને કહેવાય?

જ્યાં બાળકો આનંદ અને ઉત્સાહભેર હસતાં - રમતાં હોય. રમવાની અને સ્નેહની શીળી છાયામાં ફૂલની જેમ ખીલવાને બદલે પુસ્તકોનો બોજ પીઠ પર લઈને શાળા, પરીક્ષા અને શિક્ષકોના ટેન્શન તેમજ ભય વચ્ચે પીસાતા ન હોય. શહેરની હોટલોમાં કપ-રકાબી ધોઈ મોડી રાતે પથારી વિના સૂતાં ન હોય. જ્યાં બાળ-અધિકારના પ્રશ્નો ચર્ચાતા ન હોય. જે સમાજમાં યુવાનો બેકારી અને જીવનની અસુરક્ષા વચ્ચે ઝોલાં ન ખાતાં હોય. રીત-રિવાજોના બોજ અને વડીલોની જોહુકમીથી યૌવન પીડિત ન હોય, ન ઉદ્ધત કે ઉચ્છંખલ હોય, ન જનરેશન ગેપ હોય. જ્યાં સ્વતંત્રતા અને મુક્ત જીવનના ઉલ્લાસની લહેરોમાં યૌવન પાંગરતું હોય. ગરીબી, શોષણ, અન્યાય, અરાજકતા ન હોય. જ્યાં નારીઓનું શોષણ થતું ન હોય. સમાનતા અને સ્વતંત્રતાથી ગહસ્થજીવન શોભતું હોય. સ્ત્રીઓ પર બળાત્કાર કે અન્યાય થતાં ન હોય. નારી પર અધિકાર જમાવી તેની પ્રગતિને અવરોધે એવો સમાજ ન હોય. જ્યાં સ્ત્રીઓ સ્વમાન અને સન્માનને સહજ રીતે પ્રાપ્ત કરતી હોય. જ્યાં સ્ત્રીઓની ઈજ્જત બજારમાં વેચાતી ન હોય. પરસ્પર આદર તેમજ સ્વતંત્ર જીવનની અભિવ્યક્તિ હોય. સ્વાશ્રય, સ્વાવલંબન, પરિશ્રમ, સ્નેહ, સહયોગ, પરોપકાર, ઉદારતા અને ક્ષમા જેવાં ઉચ્ચ મૂલ્યો પ્રવર્તતા હોય, જીવાતાં હોય, જ્યાં શાંતિ, સુખ, ચૈન - સમૃદ્ધિ, ઘર - ઘરમાં ઝરમર વરસતી હોય. એકતા, સુસંવાદિતા - સંતોષના સુમધુર સંગીત

જ્યાં અહર્નિશ રેલાતા હોય - એવો સમાજ મૂલ્યનિષ્ઠ સમાજ છે. એ તો સૌ કોઈનું શમણું છે. એક કવિએ ગાયું છે....

'વો સુબ્હા કભી તો આયેગી,
વો સુબ્હા કભી તો આયેગી
જબ દુ:ખ કે બાદલ પિઘલેંગે,
ઔર સુખ કા સુરજ બરસેગા,
જબ અંબર ધુમ કે નાચેગા,
વો સુબ્હા કભી તો આયેગી..
જહાં બચપન કભી ન રોયેગા,
યૌવન કભી ન મુરઝાયેગા,
જહાં નારિયોંકી અસ્મતકા
સૌદા બાજારમેં ન હોગા.
ઔર બુઢાપા કભી ના આહેં ભરેગા.' ....

આ મતલબના ભાવ સાહિર લુધિયાનવીએ ગીતમાં લખ્યા છે.

આધ્યાત્મિક જીવન કોને કહેવાય?

વિષય છે - 'આધ્યાત્મિક જીવન દ્વારા મૂલ્યનિષ્ઠ સમાજની સ્થાપના' કરવાની છે. તેથી પ્રશ્ન ઉદ્‌ભવે છે કે આધ્યાત્મિક જીવન એટલે શું? જીવન કેવું હોવું જોઈએ? ઉત્તર સહેલો છે. સૌ કોઈ કહી શકે. જે જીવનમાં સુખ-શાંતિ હોય, પ્રસન્નતા હોય, સંતોષ હોય - એવું જીવન મધુર લાગે.

સ્વામી રામતીર્થે આપેલું એક દૃષ્ટાંત સમજીએ. એક ઘોડેસવારનો ઘોડો તરસ્યો થયો. તેથી તે ઘોડાને લઈને પાસેના ખેતરમાં રેંટ ફરતો હતો ત્યાં આવ્યો. રેંટ ફરવાથી કૂવામાંથી કોશ દ્વારા પાણી કૂવાના થાળામાં બહાર પડતું હતું. રેંટ ફરતી વખતે કચૂડ કચૂડ કચૂડ અવાજ થતો હતો. ઘોડો થાળા પાસે આવ્યો, પણ રેંટના કચૂડ કચૂડ અવાજથી ભડકીને પાણી પીધા વિના જ પાછો હટી ગયો.

ઘોડાવાળાએ ખેડૂતને કહ્યું, 'ભલા માણસ, તારા રેંટને ઘડીક બંધ રાખ, તેના અવાજથી મારો ઘોડો ભડકે છે અને પાણી પીતો નથી.' પેલા ખેડૂતે તેમ કહ્યું. રેંટ બંધ થવાથી તો થાળામાં પાણી પડતું બંધ થયું. આથી ઘોડેસવાર બોલ્યો, 'અરે ભાઈ, મેં તને રેંટનો કચૂડ કચૂડ અવાજ બંધ કરવા કહ્યું હતું. પાણી આવતું બંધ કરવા નહોતું કહ્યું.'

ભલા ખેડૂતે કહ્યું, 'ભાઈ, રેંટ ફરતો રહે તો જ પાણી કૂવામાંથી બહાર આવે. રેંટ ફરશે એટલે કચૂડ કચૂડ અવાજ તો થશે જ. તો મારે કરવું શું?' પેલો ઘોડે સવાર સમજ્યો નહિ. ઘોડો અવાજથી ભડકતો હતો. પાણીનું આવવું અને કચૂડ કચૂડ અવાજ સાથે સાથે જ ચાલે છે. પેલો સવાર કહે છે, 'ના, તું અવાજ બંધ કર અને પાણી બહાર કાઢ.'

ભલો ખેડૂત કહે છે, 'ભાઈ તમારે ઘોડાને પાણી પાવું જ હોય તો તેને પંપાળો, થાબડો, બુચકારો અને શાંત-નિર્ભય કરો. એ સિવાય ઘોડો પાણી પી શકશે નહિ. અવાજ બંધ થાય તો પાણી બંધ થશે અને તમારો ઘોડો તરસ્યો રહેશે.'

ઘોડો એ માણસનું મન છે. જિંદગીના કોલાહલ વચ્ચે આપણે મન પાસેથી કામ લેવાનું છે. જેમ રેંટ બંધ ન થાય તેમ જિંદગીનો કોલાહલ પણ અટકવાનો નથી. આપણા જીવનને હતાશ-નિરાશ કરનારા અને આઘાત પહોંચાડનારા પ્રસંગો આવ્યા જ કરવાના છે. દુ:ખ આવશે, પરંતુ દુ:ખમાં ડૂબી જવાનું નથી. વેદના-વ્યથા આવશે પરંતુ વેદનાના રંગોને પાકા થવા દેવાના નથી. જીવનને વેદનામય બનાવવાનું નથી.

તો શું કરવું? પેલા ઘોડેસવારે કર્યું તે મનરૂપી ઘોડાને પંપાળીને, શાંત કરીને સમજાવવાનું કામ કરીએ. આધ્યાત્મિક એટલે આંતરિક શક્તિ યા આત્મબળ પેદા કરીએ તે. અધિક આત્મિકતા

અર્થાત્ વિશેષ રૂપે આત્મિક ભાવ પેદા કરીએ તે. બાહ્ય જગતમાં ચાલતાં ખળભળાટ યા કોલાહલ કે કટુતા તરફથી મનને વાળી લઈએ. અંતરમાં ઊંડા ઊતરીને અવલોકીએ તે. વિચારો, ચિંતાઓ, કમજોરીઓ, વિકૃતિઓને, ચંચળતાને, ભયને શાંત કરી દઈએ. આંતર-બાહ્ય બંને રીતે શાંત (મૌન) બની જઈએ. ભલે એક બાજુ કોલાહલ ચાલે, સંઘર્ષ હોય, વેર-ઝેરની આગ હોય એને નજર અંદાજ કરી શાંતિની શક્તિ Power of Peace ધારણ કરીએ. તમે પ્રતિક્રિયા નથી કરતા. ગુસ્સો, ક્રોધ, ઈર્ષ્યા, દ્વેષ, તિરસ્કાર સામેથી છે. પણ તમે મૌન છો. ખડક જેવા અટલ - અડોલ તો ભલેને બાહ્ય જગતમાં ખળભળાટ મચી રહે, આપણું આંતર જગત તો શાંત જ રહે છે. આ છે આધ્યાત્મિક શક્તિ. એ શસ્ત્ર વડે, એ આત્મબળ વડે જીવનના સંગ્રામ જીતવાના છે.

યુદ્ધમાં જીતવા માટે પણ શાંતચિત્તના પ્લાનીંગ યા આયોજનની આવશ્યકતા છે. પરિસ્થિતિ તો પરીક્ષા છે. અગ્નિ પરીક્ષા. પરીક્ષાની તો તૈયારી કરવાની હોય જ. નિર્બળ, કમજોર કે આળસુ વિદ્યાર્થી પરીક્ષામાં શું ઉકાળવાનો? મનને શાંત, સ્વસ્થ રાખીને આપણે જીવનની નાની-મોટી લડાઈઓ પાર કરવાની છે. થાકવાનું કે હારવાનું નથી. સ્વામી વિવેકાનંદે કહ્યું છે - 'લક્ષ પાર ન પડે ત્યાં સુધી ઝૂઝતા રહો.' (Wait not Still the goal is reached) જગત છે - જીવન છે તો દુઃખ દર્દ આઘાત પ્રત્યાઘાત, કલેહ - કલેશ, બેઈમાની ને દગાબાજી તો આવવાનાં જ છે. માનસિક, શારીરિક, સામાજિક, આર્થિક બધી જ સમસ્યાઓને પહોંચી વળવાનું બળ આધ્યાત્મિકતા અર્થાત્ જીવનમાં આધ્યાત્મિક જ્ઞાનરૂપી શસ્ત્રો પેદા કરવાનું છે.

આ માટે ધૈર્ય, સહનશીલતા, ક્ષમા, ઉદારતા, નિ:સ્વાર્થ પ્રેમ અને ઉત્તમ ચારિત્ર્ય દ્વારા સામનો કરવાનો છે. વિવેક અને સંતુલનના બે પલ્લામાં ઉભા રહી મત્સ્યવેધ કરવાની કલા શીખવાની છે. મત્સ્યવેધ એટલે અહંકારનો વધ. તો પ્રાપ્તિ થશે, વિજય મળશે.

જીવનનો કસબ

એકાદ અપેક્ષા પૂરી ન થવાથી, એકાદ આઘાત યા નુકસાનથી શા માટે હારી જવાનું? આત્મહત્યાના કે નાસીપાસ થઈ જીવનથી પલાયન થવાના વિચારો કરવા એ યોદ્ધાના લક્ષણો નથી. જીવન એ સંગ્રામ છે તો આપણે કુશળ યોદ્ધા બની, લડીને, વિજય માળા પહેરીએ, દુશ્મનને ય મિત્ર બનાવીએ. સંસાર અગર સાગર છે તો આપણ તરવૈયા બનીએ. એ ખારા સાગરમાં ડૂબી ના મરીએ. કોઈ આઘાત લાગવાથી આપણે શા માટે કર્તવ્યશૂન્ય બની જવું? જીંદગી ચેલેન્જ યા પડકારનું નામ છે તો પડકારને ઝીલી લઈએ. જિંદગી કંટકોનો માર્ગ છે, તો કાંટાને ફૂલ બનાવી દઈએ. વેદનાનો આઘાત હૃદયમાં ઉતાર્યા વિના મોજથી જીવવું એ છે જીવનનો કસબ. આ કસબ નહિ આવડે તો જિંદગી વ્યથા, વેદના, ઈર્ષ્યા, નિંદા અને પ્રપંચની જંજાળમાં વ્યર્થ વીતી જશે. જીવન માટે સૌથી આવશ્યક બળ આંતરિક શક્તિ છે, જે આધ્યાત્મિકતા દ્વારા પ્રાપ્ત થાય છે. આધ્યાત્મિકતા એટલે અનાસક્તિ કેળવવી તે. જળમાં રહીને માછલીની જેમ તરતાં રહીએ તે. ટેન્શનનો ભાર લઈ પથરાની જેમ ડૂબી જવાનું નથી. જીવનને નૌકા કહી છે, એટલા માટે કે તેને મજાથી ઉછળતા મોજાં વચ્ચે હંકારી શકાય.

આપણે એકલા નથી

પ્રભુ મારો સાથી છે, મદદગાર છે, કરુણામયી મા સમાન અને વાત્સલ્યથી સભર પિતા સમાન છે. એ પ્રભુ, પરમાત્મા મારો સાથી છે. એવી

આસ્થા તારશે. ઉપરથી શક્તિનો પ્રવાહ આપણી અંદર ઉતરશે. આ વિશ્વાસ એટલે આધ્યાત્મિક શક્તિ. આ શક્તિના સહારે તરવાનું છે. સર્વશક્તિવાન, હજાર હાથવાળો મારો સાથી છે અને મારી સાથે છે. આ દૃઢ નિશ્ચય આપણી અંદર અજબની આધ્યાત્મિક શક્તિ પેદા કરશે. આત્મબળ અને પરમાત્મા સ્મૃતિ બન્ને ભેગાં થઈને આધ્યાત્મિક જીવનની ફોર્મ્યુલા તૈયાર કરે છે. પ્રભુ-સાજન સાથે સંવાદ કરીએ કે,

'મિલે સૂર મેરા -તુમ્હારા, તો સૂર બને હમારા' - જીવનમાં પ્રભુ સાથે તાલ અને લય એક બને તો મધુર સંગીતના સૂર પ્રગટે છે. એ માટે મનને એકાંત અને શાંત કરવું પડે. શાંતિ એ શક્તિ છે. કલાનું સર્જન, સાહિત્યનું સર્જન, સંગીતનું સર્જન, અરે કુશળ બોક્સર, ક્રિકેટર કે ડોક્ટરનું સર્જન શાંતિની આરાધનામાંથી આરંભ થાય છે. એક ચિંતકે કહ્યું છે કે, શાંતિ વિના તો યુદ્ધ પણ જીતી ના શકાય. જરા પણ અશાંતિ થઈ કે એકાગ્રતાનો અંત આવી જાય છે.

શાંતિની શક્તિ એટલે આધ્યાત્મિકતા

આધ્યાત્મિક જીવનનો રાહ શાંતિની શક્તિ સાથે શરૂ થાય છે. શાંતિ ધીરજને જન્માવે, એકાગ્રતાને તાણી લાવે, સહનશીલ બનાવે, નમ્રતા, સૌજન્ય અને વિવેકને પોતાના આંગણે રમવા તેડે. શાંતિ તો સુસંવાદિતા અને એકતાના સામ્રાજ્યની સ્થાપના કરે.

મહાન ચિંતક કન્ફ્યુશિયસ તો વ્યક્તિની શાંતિ સાથે વિશ્વની શાંતિને જોડે છે. તેઓ કહે છે કે 'જ્યાં સુધી વ્યક્તિમાં શાંતિ નહિ હોય ત્યાં સુધી વિશ્વમાં શાંતિ નહિ ફેલાય. પરિવારની શાંતિનો આધાર વ્યક્તિની શાંતિમાં રહેલો છે. પરિવારની એક વ્યક્તિ અશાંત બેચેન તો સમગ્ર પરિવાર અશાંત-દુઃખી.'

જેના મનમાં શાંતિ હશે તેના હૃદયમાં સચ્ચાઈ હશે, સરળતા હશે અને ચારિત્ર્યમાં સૌંદર્ય હશે, તેના ઘરમાં સંવાદિતા હશે. અનેક ઘરોની સંવાદિતા રાષ્ટ્રમાં સુખ અને વિશ્વમાં શાંતિની સ્થાપના કરશે. અગર રોગના સૂક્ષ્મ જીવાણુંઓ - વાયરસ એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં ટ્રાન્સફર થઈ શકતાં હોય, (જેમ કે કન્જક્ટીવાઈસીસ - લાલ આંખ થવાનો રોગ) તો પછી શાંતિ, નિઃસ્વાર્થ સ્નેહ, શુભ અને પવિત્ર દૃષ્ટિવૃત્તિના વાયબ્રેશન અન્ય વ્યક્તિમાં ટ્રાન્સફર શા માટે ન થઈ શકે? **॥ ઓમશાંતિ ॥**

બાબા

બ્ર. કુ. જૂનાગઢ

તું છે તો ઘર ખરેખર ઘર છે, બાબા !
એક અનુભવનું અતિન્દ્રિય સુખ છે, બાબા !
ધોમધખતા તાપ સામે ઢાલ જેવું,
એક માથે છત્રછાયાનું ઝરમર છે, બાબા !
સાવ ખાલીખમ હતી આત્મા ; પણ તું છે તો,
એમ લાગે જીવન પગભર થયું, બાબા !
યાતના વચ્ચે મલકતું ને હરખતું આત્મ,
એ વદન હેતાળ ને મનહર હું, બાબા !
ફાયદા-નુકશાનનો હિસાબ શાનો,
તારું બસ હોવાપણું સરભર છે, બાબા !

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

DECLARATION

I **Bharti Ranchhoddas Somaiya** declare that I am the Publisher and Printer of the newspaper entitled **GYAN AMRIT** to be printed and published at AHMEDABAD and that particulars in respect of the said newspaper given hereunder are true to the best of my knowledge and belief.

1) Title of the newspaper	:	GYAN AMRIT
2) Language (s) in which it is (to be), published	:	GUJARATI
3) Periodicity of its publication.		
a) Whether a daily, tri-weekly, bi-weekly, weekly, fortnightly or otherwise.	:	Monthly
b) In the case of a daily, please state whether it is a morning or evening newspaper.	:	No applicable
c) In the case of a newspaper other than a daily, please state the days(s)/date(s) on which it is (to be) published.	:	1st or 2nd date of every months
4) Retail selling price of the newspaper per copy.	:	Retail price Rs. 15/-
a) If the newspaper is for free distribution, please state that it is "for free distribution".	:	------
b) If it has only an annual subscription and no retail price, please state the annual subscription.	:	Annul Subcription Rs. 130/-
5) Publisher's Name	:	Bharti Ranchhoddas Somaiya (Director-Brahma Kumaris, Gujarat)
Nationality	:	Indian
Address	:	"Jyoti Darshan", 1- Panchshil Society, Gondal Road, Rajkot - 360 004.
6) Place of Publication (please give the complete postal address)	:	Prajapita Brahma Kumaris Ishwariya Vishwa Vidyalaya, "Sukh-Shanti Bhawan", Bhulabhai Park Road, Opp. Municipal School, Kankaria, Ahmedabad - 380 022.
7) Printer's Name	:	Bharti Ranchhoddas Somaiya (Director-Brahma Kumaris, Gujarat)
Nationality	:	Indian
Address	:	"Jyoti Darshan", 1- Panchshil Society, Gondal Road, Rajkot - 360 004.
8) Name(s) of the printing press(es) where the newspaper is actually printed and the true and precise description of the premises on which the press (es) is/are installed.	:	Shreedhar Printers Pvt. Ltd. J&K, Block No-4, Ravi Estate, Dudheshwar Road, Dudheshwar, Ahmedbad - 380 004. Phone : (079) 2562 5299, 2562 5899
9) Editor's Name	:	Prof. Dr. Kalidas Dhulabhai Prajapati
Nationality	:	Indian
Address	:	G-2/22, Shivam Appartment, New Vadaj, Ahmedabad - 380 013.
10) Owner's Name (s)	:	For, Prajapita Brahma Kumaries Ishwariya Vishwa Vidyalaya.
a) Please state the particulars of individual(s) or of the firm, Joint Stock Company, trust, co-operative society or association which owns the newspaper.	:	Spiritual Organisation
b) Please state whether the owner owns any other newspaper, and, if so, its name, periodicity, language and place of publication.	:	No
11) Please state whether the declaration is in respect of —		
a) a new newspaper, or	:	-
b) an existing newspaper	:	Yes
c) In case the declaration falls under item	:	Due to death of Publisher and Printer, So Changes of Publisher and Printer's Name & Address

PLACE : AHMEDABAD

Date : 28-12-2023

(Signature) (Bharti Ranchhoddas Somaiya)

(Under Section-6 of the Press and Registration of Books Acts-1867)

(Act No. 25 og 1867)

AUTHENTICATED

Sign and Stamp of Sub Divisional Magistrate (East) Ahmedabad

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં જાન્યુઆરી, ૨૦૨૪ માસની શબ્દાવલી ભાગ-૩૮ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ-૩૯ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં માર્ચ-૨૦૨૪ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ-૩૯ના જવાબો મળશે.

સંગમયુગની શબ્દાવલી ભાગ - ૩૯

1	2	3			4	5		6	
7				8					
				9				10	11
12		13					14		
					15				
16				17					18
		19	20			21			
22	23		24		25			26	
	27				28				

શબ્દાવલી ભાગ - ૩૮ ના જવાબોવાળું કોષ્ટક

1 અ	વિ	2 ના	3 શી		4 ર	5 મે	6 શ	7 ભા	ઈ
વ્ય		8 વ	ત	9 ન		10 ગા	મ	ડું	
11 ક્ત	12 ભ		13 લ	ગ	14 ન				15 નં
16 દિ	વ્ય	તા		17 ર	ય	ડી			દી
વ			18 શિ		ન			19 ના	
20 સ	ત્ય	21 મ	શિ	વ	મ	સું	22 દ	ર	23 મ
		24 હે	ર				25 યા	દ	વ
26 સિ	27 વિ	લ		28 હ	29 રી	30 યા	ળું		શિ
31 મ	ગ		32 અ	જા	ય	બી		33 ઘ	
34 ર	ન		35 મી	ર	લ		36 મુ	ર	લી

આડી ચાવીઓ:

૧. યજ્ઞમાં ભંડારો સંભાળનાર દાદી (૪)
૪. લીપયુગ (૫)
૭. શિયાળાના ..... વસ્ત્ર (૩)
૮. એક સૂકો મેવો જેનું નામ ..... (૩)
૯. આવક શબ્દનો વિરોધી શબ્દ (૩)
૧૦. સુપ્રસિધ્ધ ગાયિકા ..... મંગેશકર (૨)
૧૩. પ્રસંગ, સમારોહ, ઉજવણી (૪)
૧૫. દર મહિને આવતો પુરુષાર્થ પત્ર (૪)
૧૬. ..... કે ઈસ અંચલ મે (૩)
૧૭. દેહ કી ..... સે બડી દૂર (૨)
૧૯. નદી શબ્દનું અંગ્રેજી (૩)
૨૨. ઘડિયામાં આઠ પછી શું આવે? (૨)
૨૪. કર્મેન્દ્રિયોનો ..... લગાવો (૪)
૨૬. ..... પુરાની, સાથી સંભલ કર ચલ (૨)
૨૭. દશેરાના પર્વે રાવણનું ..... કરવામાં આવે (૩)
૨૮. સૌથી હળવો નાસ્તાનો ખાદ્ય પદાર્થ (૩)

ઊભી ચાવીઓ:

૧. દર ગુરુવારે અપાય અથવા પ્રસાદ (૨)
૨. પરમાત્માના મહાવાક્ય મુરલી શબ્દને ઉલટો લખો (૩)
૩. કિંમત શબ્દને હિન્દીમાં .... કહેવાય (૨)
૪. મૂર્છિતને સુરજીત કરનાર (૬)
૬. ..... બજાવે બ્યુગલ (૩)
૮. નતીજા, પરિણામ (૩)
૧૧. મુગટ (૨)
૧૨. શાંતિધામ, પરમધામ (૫)
૧૩. યજ્ઞમાં સેવા કરનારને .... કહેવાય (૪)
૧૪. ઝૂંપડી (૩)
૧૭. અરીસાને અંગ્રેજીમાં શું કહેવાય? (૩)
૧૮. અત્યારે તમે ..... ભરી રહ્યા છો. (૪)
૨૦. શકલ, મુખડું (૩)
૨૧. મુલાયમ, કુમળું (૩)
૨૩. ગુજરાતી કેલેન્ડરમાં સૂદ અને ..... આવે (૨)
૨૫. શરદીમાં ..... લગાવવામાં આવે (૨)

કેશોદમાં 'નાતાલ તથા વાર્ષિક ઉત્સવ'માં પધારેલ પત્રકાર ભ્રાતા દિનુભાઈ દેવાણી, અગ્રણી વ્યાપારી વિરામભાઈ તથા ગોવિંદભાઈ દેવાણી, ડૉ. કિંજલબેન, ડૉ. પ્રેમાંગભાઈ સાથે બ્ર.કુ. રૂપાબેન.

રાજુલામાં જીર્ણોધ્ધાર થયેલ 'સત્સંગ હૉલ'ના શુભારંભ પ્રસંગે બ્ર.કુ. અનુબેન, સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટીઓ ભ્રાતા નિખીલભાઈ તથા હરીશભાઈ મિસ્ત્રી, બ્ર.કુ. ગીતાબેન સાથે અન્ય મહાનુભાવો.

સાયણ ખાતે ભુમિપૂજનમાં બ્ર.કુ. દક્ષાબેન, સાયણ સુગર ફેક્ટરીના ચેરમેન ભ્રાતા રાકેશભાઈ પટેલ, દાતાશ્રી ભ્રાતા યોગેશભાઈ પટેલ, સરપંચ ભગિની વીણાબેન, બ્ર.કુ. જ્યોતિબેન તથા અન્ય મહાનુભાવો.

રાજકોટ અવધપુરી ખાતે શ્રી પુરુષાર્થ યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત રક્તદાતા અને ચક્ષુદાતાઓનું સન્માન કરતાં બ્ર.કુ. રેખાબેન સાથે મંડળના પ્રમુખ ભ્રાતા કિશોરભાઈ રાઠોડ.

કલોલ ખાતે 'રાષ્ટ્રીય યુવા દિવસે' NSSના વિદ્યાર્થીઓના સ્નેહમિલન બાદ સમૂહમાં બ્ર.કુ.અરૂણાબેન, બ્ર.કુ.જીંકલબેન, બ્ર.કુ. જીજ્ઞેશભાઈ.

નવસારી સેવાકેન્દ્ર પર 'નાતાલ પર્વ'ની ઉજવણીમાં નાતાલનો સંદેશો આપ્યા બાદ સમૂહચિત્રમાં બ્રહ્માવત્સો સાથે બ્ર.કુ. ગીતાબેન.

કામરેજ ખાતે 'જલ જન અભિયાન' અંતગર્ત શાળાના બાળકોની ચિત્ર સ્પર્ધાના વિજેતાઓ સાથે સામાજીક કાર્યકર્તાઓ ભ્રાતા રામજીભાઈ, દિનેશભાઈ, બ્ર.કુ. રીમાબેન તથા શાળાના આચાર્યો.

પાસોદરામાં 'જલ જન અભિયાન' અંતર્ગત જે.બી. વિદ્યાસંકુલ કન્યા છાત્રાલયના આચાર્ય ભગિની રેખાબેન, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓને જળ બચાવોનો સંદેશ આપતાં બ્ર.કુ. હર્ષાબેન.

Gyan Amrit Vol.17 | Issue 02 | February 2024 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

અમદાવાદ ખાતે 'આશીર્વાદ ફાઉન્ડેશન' દ્વારા આયોજીત કાર્યક્રમમાં કલા સંસ્કૃતિ પ્રભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ તથા યુવા પ્રભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બ્ર.કુ.ચંદ્રિકાબેનને 'ધરતી રત્ન એવોર્ડ' અર્પણ કરતાં ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત.

કચ્છ–ગાંધીધામ ખાતે પધારેલ બાગેશ્વર ધામના સુપ્રસિધ્ધ કથાકાર શ્રી ધીરેન્દ્ર શાસ્ત્રીજીને ઈશ્વરીય સૌગાત અર્પણ કરતાં ભારતનગર સેવાકેન્દ્રના બ્ર.કુ. સરિતાબેન સાથે બ્ર.કુ. દિવ્યાબેન.

ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર (GGRC) ઈન્દ્રપ્રસ્થ ખાતે મણિનગર ગ્રુપ સેવાકેન્દ્રોની જાન્યુઆરી અવ્યક્ત માસમાં સંગઠીત 'યોગ તપસ્યા ભઠ્ઠી'ના ઉદ્‌ઘાટનમાં મહિલા પ્રભાગના ચેરપર્સન તથા USSR રશિયાના ડાયરેક્ટર બ્ર.કુ. ચક્રધારીબેન, લંડનથી પધારેલ બ્ર.કુ. ગોપીબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. ભારતીબેન, બ્ર.કુ. નંદાબેન સાથે વરિષ્ઠ બ્રહ્માકુમાર ભાઈઓ અને વિશાળ સંખ્યામાં ભઠ્ઠીના લાભાર્થી બ્રહ્માવત્સો.

મહેસાણા ખાતે આયોજીત 'શ્રીમદ્ ભગવત ગીતા કા વ્યવહારિક સ્વરૂપ' કાર્યક્રમનાં ઉદ્‌ઘાટનમાં પધારેલ ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ ભ્રાતા બી.એન.કારીયા, MLA ભ્રાતા મુકેશભાઈ પટેલ, પરમ પૂજ્ય સંત શ્રી દાસબાપુ, મુખ્ય વક્તા બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. સરલાબેન તથા અન્ય મહાનુભાવો સાથે બ્રહ્માકુમારી બહેનો.

ગારીયાધાર સેવાકેન્દ્રના નવનિર્મિત 'જ્ઞાનસૂર્ય ભવન'ના મંગલ ઉદ્‌ઘાટનમાં બ્ર.કુ. આશાબેન (દિલ્હી), બ્ર.કુ. રાજુભાઈ (શાંતિવન), બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. દીપાબેન, MLA ભ્રાતા સુરેશભાઈ વાધાણી, પૂર્વ MLA ભ્રાતા કેશુભાઈ નાકરાણી.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com